MANOGAT • Year 40 • Issue 23 • 10 March 2022 • Fagan Sud 8, Samvat 2078 • Yugabd 5123 • Price : Rs. 5/- • Pages : 28





# मनोगत

## ગુજરાત બજેટ વિશેષાંક










Year : 40, Issue : 23, Pages : 28



## તંત્રીસ્થાનેથી

# ગુજરાત બજેટ : ૨૦૨૨-૨૩

પ્રિય કાર્યકર્તા બંધુ/ભગિની,

નમસ્કાર.

આ સાથે ગુજરાત બજેટ વિશેષાંક સ્વરૂપે મનોગતનો આ અંક પ્રસિદ્ધ કરવામાં આવી રહ્યો છે. આ અંકમાં આપ સૌ જોઈ શકશો કે - ગુજરાત સરકારની તમામ યોજનાઓની વિભાગવાર માહિતી બુલેટ પોઇન્ટ સ્વરૂપે આપવામાં આવી છે. જેના કારણે,

(૧) ગુજરાત સરકાર પ્રત્યેક વિભાગમાં કેટલું તલસ્પર્શી આયોજન કરીને પ્રત્યેક યોજનાવાર કામગીરી કરી રહી છે તેનો ખ્યાલ તો આવશે જ, સાથે-સાથે આર્થિક આયોજન દ્વારા નક્કર કામગીરી પણ થઈ રહી છે તે પણ પ્રગટપણે જાણી શકાશે.

(૨) સમગ્ર ગુજરાતના તમામ ગામ-શહેરને સ્પર્શતી આ બાબતો છે. સમગ્ર જનસમુદાયને કોઈ ને કોઈ રીતે સાંકળતી આ યોજનાઓ છે જેને કારણે સર્વજન હિતાયના શુભ સંદેશની સાથે સાથે સૌનો સાથ - સૌનો વિકાસ - સૌનો વિશ્વાસ અને તેમાં સૌના પ્રયાસનું પ્રતિબિંબ પણ આપણે સૌ આ યોજનાઓમાં જોઈ શકીએ છીએ.

(૩) આ બજેટની સૌથી મહત્ત્વની બાબત એ છે કે, આ વખતે લોકોની નાની-નાની અને સીધી સ્પર્શતી વિશાળ બાબતોને ખાસ ધ્યાનમાં રાખીને આયોજન અને નાણાંની ફાળવણી કરવામાં આવી છે, જેના કારણે લોકોની સુગમતા અને સરળતા વિશેષ ઊભી થનારી છે.

(૪) સર્વસ્પર્શી, સર્વસમાવેશક આ બજેટ સંદર્ભે એક કાર્યકર્તા તરીકે આપણું કર્મ એ હોવું જોઈએ કે આ અંકમાં જે વિષયવસ્તુ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે તેનો અને જરૂર પડે વિશેષ અભ્યાસ કરીને આ તમામ બાબતો લાગતાવળગતા આપણી આજુબાજુના નાગરિકો સુધી પહોંચાડી એ બાબતનો સાચો અહેસાસ કરાવવો જોઈએ કે પ્રજાકલ્યાણની આ યોજનાઓ એ ભારતીય જનતા પાર્ટીના સુશાસન દ્વારા સુવિકાસની અને જનકલ્યાણની રાજકીય ઇચ્છાશક્તિનો પ્રતિઘોષ છે.

આવો, ગુજરાત બજેટ ૨૦૨૨-૨૩ની આ યોજનાઓનો તલસ્પર્શી અભ્યાસ કરીએ. માહિતી, આયોજન અને અમલીકરણના સાચા વાહક બની ગુજરાતના પ્રત્યેક ખૂણામાં દીવો પ્રગટાવીએ, કારણ કે આપણું તો ધ્યેય જ છે - ઉસ કોને મેં દિયા જલાયેં જહાં અભી ભી અંધેરા હૈ.

વંદે માતરમ્.

- સુરેન્દ્ર પટેલ

પત્રવ્યવહાર કાર્યાલય
**મનોગત પાક્ષિક**
ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ
દીનદયાળ ભવન, જે. પી. ચોક,
ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૦૭૯-૨૫૫૦૪૫૨૨
E-mail : manogat.1980@gmail.com

તંત્રી મુદ્રક પ્રકાશક
સુરેન્દ્રભાઈ મોતીલાલ પટેલ ભારતીય જનતા પાર્ટી-ગુજરાત વતી ગુજરાત ઑફસેટ પ્રા. લિ., 'ઑફસેટ હાઉસ' સ્ટેશન રોડ, વટવા, અમદાવાદ-૩૮૨ ૪૪૦ ખાતે છપાવી ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ કાર્યાલય, દીનદયાળ ભવન, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧થી પ્રગટ કર્યું.

**Editor : Printer : Publishers :**
**Surendrabhai Motilal Patel** on behalf of Bharatiya Janta Party-Gujarat Pradesh Printed at **Gujarat Offset Pvt. Ltd.**, 'Offset House', Station Road, Vatva, Ahmedabad and Published from Bharatiya Janta Party-Gujarat Pradesh J. P. Chowk, Khanpur, Ahmedabad-380001



## રાજ્યના ૨૦૨૨-૨૩ના અંદાજપત્રને આવકારતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ





# સૌ સમાજવર્ગોના ઉન્નત વિકાસની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતું પ્રજાલક્ષી બજેટ - મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગુજરાત વિધાનસભામાં વર્ષ ૨૦૨૨-૨૩ માટે રજૂ કરેલા રાજ્યના બજેટને સંતુલિત, સર્વગ્રાહી, સર્વસમાવેશી અને સૌ સમાજવર્ગોના ઉન્નત વિકાસની રાજ્ય સરકારની પ્રતિબદ્ધતા દર્શાવતું પ્રજાલક્ષી બજેટ ગણાવ્યું છે.

શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે 'બહુજન હિતાય બહુજન સુખાય'ના કેન્દ્રીય વિચાર સાથે સમાજના તમામ વર્ગોને આવરી લેતું આ બજેટ ઐતિહાસિક સિદ્ધ થશે એવો વિશ્વાસ વ્યક્ત કર્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઊજવી રહ્યો છે ત્યારે આ બજેટ 'આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત'ના સંકલ્પને સાકાર કરશે એવો વિશ્વાસ પણ તેમણે દર્શાવ્યો છે.

તેમણે કહ્યું કે, દેશના ગ્રોથ એન્જિન ગુજરાતનું આ બજેટ ખેડૂતો, યુવારોજગારી, સાગરખેડુ, વનબંધુ, ગરીબો, વંચિતો સહિત સૌ સમાજ-વર્ગોના સર્વગ્રાહી ઉત્થાનની અનેક યોજનાઓ સાથેનું બજેટ છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગત વર્ષ કરતાં **૧૭ હજાર કરોડ**ના વધારા સાથે **૨ લાખ ૪૪ હજાર કરોડ**નું આ બજેટ ગુજરાતના ઇતિહાસમાં અત્યાર સુધીનું સૌથી મોટું



અને કોઈ જ નવા કરવેરા વિનાનું પુરાંતવાળું પ્રધાનમંત્રીશ્રીના આત્મનિર્ભર ભારતના સંકલ્પમાં સૂર પુરાવતું બજેટ છે.

મુખ્યમંત્રીશ્રીએ ખેડૂતોને વાવણીથી વેચાણ સુધી, ખેતપેદાશોના પોષણક્ષમ ભાવ મળે એ માટે આ બજેટમાં ખાસ કાળજી લેવામાં આવી છે. કિસાનોને વીજ સબસિડી તેમજ કચ્છ જેવા વિસ્તારોને સિંચાઈ માટેની સુવિધાઓનો પણ આ બજેટમાં ખ્યાલ રાખ્યો છે તેની ભૂમિકા આપી હતી.

મુખ્યમંત્રીશ્રીએ પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન, મધક્રાંતિ માટે ૧૦ હજાર નવા ખેડૂતોને સહાય, ધરતીપુત્રોને રવી તેમજ ઉનાળુ પાક માટે વ્યાજ સહાયની યોજના વિગેરે ખેડૂતલક્ષી બજેટની જોગવાઈનો ઉલ્લેખ કરી જણાવ્યું કે, ખેડૂતોનાં હિતોને વરેલી રાજ્ય સરકારે બજેટમાં ધરતીપુત્રો માટે વાવણીથી વેચાણ સુધીનાં પ્રોત્સાહક પગલાં લીધાં છે.

મુખ્યમંત્રીશ્રીએ ગૌ, ગંગા, ગીતા અને ગાયત્રીની ભારતીય સંસ્કૃતિનો ઉલ્લેખ કરી ગૌધન-સંરક્ષણ અને સંવર્ધન માટેની 'મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના'ને આવકારી આ યોજનાથી પાંજરાપોળ, ગૌશાળામાં રહેલાં પશુઓ ગૌવંશની નિભાવ-જાળવણીમાં નવું બળ મળશે તેવો મત વ્યક્ત કર્યો હતો.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાતના યુવાધનને માઈન્ડ ટુ માર્કેટના કન્સેપ્ટથી ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા માટે પ્રોત્સાહિત કરવા માટે પાંચ વર્ષ માટે ૩૦૦ કરોડ અને તેમાં આગામી વર્ષે **૬૦ કરોડ**નું પ્રાવધાન બજેટમાં કરવામાં આવ્યું છે.

તેમણે નવસારી જિલ્લામાં પી.એમ. મિત્ર યોજના અન્વયે અદ્યતન સુવિધા ધરાવતો ટેક્ષટાઈલ પાર્ક, મોરબીમાં વૈશ્વિક કક્ષાની સગવડતાવાળો ઈન્ટરનેશનલ સિરામિક પાર્ક, કૌશલ્યવિકાસ માટે નવું કમિશનરેટ સ્થાપવાના આયોજન અને યુવાનોને તાલીમબદ્ધ કરવા ૫૧ નવા ભવિષ્યલક્ષી અભ્યાસક્રમ શરૂ કરવા માટેની બજેટની જોગવાઈઓની પ્રશંસા કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, કિશોરીઓ, સગર્ભા અને ધાત્રી માતાઓના આરોગ્ય અને પોષણને સુદૃઢ કરવા 'સુપોષિત માતા, સ્વસ્થ બાળક' યોજના આ બજેટમાં લાવ્યા છીએ.

**મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું કે, સગર્ભા મહિલા-બાળકોના પોષણ માટે ૧ હજાર દિવસ સુધી કુટુંબ દીઠ પ્રતિમાસ ૧ કિલો તુવેરદાળ, ૨ કિલો ચણા, ૧ લીટર ખાદ્યતેલ વિનામૂલ્યે આપવાથી 'હજાર દિવસની કાળજી મા-બાળક જીવનભર રહે રાજી' એ ધ્યેય સિદ્ધ થશે. આદિજાતિ વિસ્તારોમાં સગર્ભા માતાઓને પૂરક પોષણ માટેની 'પોષણ સુધા યોજના'નો વ્યાપ વધારી વધુ ૭૨ તાલુકામાં અમલી બનાવવા ૧૧૮ કરોડ રૂપિયા આ હેતુસર ફાળવ્યા છે, તેમ તેમણે ઉમેર્યું હતું.**

તેમણે જણાવ્યું કે, આદિજાતિ વિસ્તારોમાં ઓનલાઈન બેંકિંગ, ઈ-કોમર્સ, ઓનલાઈન શિક્ષણ વિગેરે માટે બે વર્ષમાં ૫૦૦ નવાં મોબાઈલ ટાવર્સ ઊભાં કરવા **રૂ. ૧૦૦ કરોડ** ફાળવ્યા છે.

૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેંસિયલ સ્કૂલ ઓફ એક્સલન્સ. આદિજાતિ યુવાનોમાં ઉદ્યોગ-સાહસિકતાને વેગ આપવા ૮ નવા એમ.એસ.એમ.ઈ. જી.આઈ.ડી.સી એસ્ટેટની રચના કરવાની જોગવાઈઓ વનબંધુને વિશ્વબંધુ બનાવવવાની રાજ્ય સરકારની નેમ પાર પડશે એમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ૧૬૦૦ કિ.મી. લાંબો દરિયાકિનારો ધરાવતા ગુજરાતના સાગરખેડુ બાંધવો, માછીમાર ભાઈઓ અને પશુપાલકોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત અપાશે. સાગરખેડુઓ માટે આ હેતુસર **૭૫ કરોડ** રૂપિયાની જોગવાઈ બજેટમાં કરી છે.

તેમણે ઉમેર્યું કે, માછીમાર ભાઈઓને બોટ માટે મળતા રાહત દરના ડિઝલની મર્યાદામાં દરેક સ્તરે બે હજાર લીટરનો વધારો અને હાઈસ્પિડ ડિઝલ બોટ રાહત યોજના માટે **૨૩૦ કરોડ**નું પ્રાવધાન રાખ્યું છે. રાજ્યનાં પાંચ નવાં બારમાસી બંદરોના વિકાસ અને મત્સ્યોદ્યોગ કેન્દ્રોની નિર્માણ યોજના માટે **૨૦૧ કરોડ** રૂપિયા ફાળવાશે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, સમાજના છેવાડાના માનવીને પણ વિકાસનાં ફળ પ્રાપ્ત થાય એની તકેદારી આ બજેટમાં લેવામાં આવી છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વૈશ્વિક વિકાસની જે કેડી કંડારી છે તેને આગળ ધપાવવાનો સંકલ્પ આ બજેટમાં છે.

•



# ગુજરાત સરકાર : અંદાજપત્ર ૨૦૨૨-૨૩





માનનીય નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા ગુજરાત રાજ્યનું વર્ષ ૨૦૨૨-૨૩નું વાર્ષિક અંદાજપત્ર ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવ્યું. નાણામંત્રી તરીકે તેમણે આ પ્રથમ અંદાજપત્ર રજૂ કર્યું છે. આ અંદાજપત્રનું કદ **રૂ. ૨,૪૩,૯૬૫ કરોડ** છે, જે ગત વર્ષના અંદાજપત્ર કરતાં **રૂ. ૧૬,૯૩૭ કરોડ**નો નોંધપાત્ર વધારો દર્શાવે છે. કોવિડ મહામારીની અસરમાંથી અર્થવ્યવસ્થા બહાર આવવાના સંકેતો હોવાથી સદર અંદાજપત્ર **રૂ. ૬૬૮.૦૯ કરોડ**ની મહેસૂલી પુરાંત દર્શાવે છે.

આ બજેટ સમતુલિત, સર્વ સમાવેશક અને ગુજરાતની આર્થિક વ્યવસ્થાને નવી રોજગારીની તકોનું સર્જન કરી વેગ આપનાર છે. આ બજેટમાં માળખાકીય સગવડો સાથે માનવવિકાસ સૂચકાંકો તેમજ સામાજિક સુરક્ષા ઉપર ખાસ ભાર મૂકવામાં આવેલ છે. આ બજેટમાં મહિલા અને બાળકોના આરોગ્ય તેમજ પોષણ માટે ખાસ ધ્યાન આપવામાં આવેલ છે. આ બજેટ ખેતી અને ખેડૂતોને પ્રોત્સાહન આપનાર છે. આદિજાતિ વિસ્તારોમાં વનબંધુ કલ્યાણ તેમજ દરિયાકાંઠાના સાગરખેડુઓ માટે ખાસ જોગવાઈ કરવામાં આવેલ છે. આ બજેટ મુખ્યત્વે ખેડૂતલક્ષી અને સમાજના ગરીબ, નબળા અને આદિજાતિ વિસ્તાર માટે આશીર્વાદરૂપ છે.

## અંદાજપત્રમાં જાહેર કરવામાં આવેલ મુખ્ય યોજનાઓ

- કૃષિક્ષેત્રે હાલ ખરીફ પાક માટે ટૂંકી મુદતનાં ધિરાણો ઉપર વ્યાજ સહાયની યોજના અમલી છે. ખેડૂતોને રવી તેમજ ઉનાળુ પાક માટે પણ વ્યાજ સહાય આપવામાં આવશે.
- પશુપાલન અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રોને પણ બેન્કિંગ વ્યવસ્થાથી જોડી, ઉત્પાદકતા વધારવા માટે પશુપાલકો અને માછીમારોને કૃષિ સમકક્ષ ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત આપવામાં આવશે.
- ગાયો અને મૂંગાં પશુઓની પાંજરાપોળ અને ગૌશાળાઓમાં સેવા થઈ રહી છે. ગૌશાળા અને પાંજરાપોળમાં નિભાવ અને જાળવણી માટે **રૂ. ૫૦૦ કરોડ**ના આયોજનથી મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના શરૂ કરવામાં આવશે.
- રખડતાં અને નિરાધાર પશુઓની સમસ્યામાંથી મુક્તિ મેળવવા શહેરી અને ગ્રામીણ વિસ્તારોમાં ખાસ પ્રયત્નો માટે **રૂ. ૧૦૦ કરોડ**ની જોગવાઈ કરવામાં આવેલ છે.
- ઉત્તમ અને ગુણવત્તાયુક્ત શિક્ષણ દ્વારા બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વિશ્વબેંકના સહયોગથી **રૂ. ૧૦ હજાર કરોડ** જેવી માતબર રકમના ખર્ચે સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ પ્રોજેક્ટ હાથ ધરવાનું નક્કી કરવામાં આવેલ છે. આ પ્રોજેક્ટના માધ્યમથી ૭૦ લાખ કરતાં વધારે વિદ્યાર્થીઓને વધુ સારી માળખાકીય સગવડો અને શિક્ષણપદ્ધતિ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ આપી ગુજરાતની ભાવિ પેઢીનું ભવિષ્ય ઉજ્જવળ કરવાનો નિર્ધાર છે.
- આવતાં પાંચ વર્ષમાં **રૂ. ૪૦૦૦ કરોડ**ના ખર્ચે અમલી થનાર સુપોષિત માતા-સ્વસ્થ બાળયોજના દ્વારા સગર્ભા અને ધાત્રી માતાઓને ૧૦૦૦ દિવસ સુધી વિનામૂલ્યે એક કિલો તુવેરદાળ, બે કિલો ચણા અને એક લીટર ખાદ્યતેલ દર મહિને આપવામાં આવશે.
- રાજ્યમાં આગામી દિવસોમાં ડ્રોન સર્વિસ પ્રોવાઇડરોના ક્ષમતાવર્ધન માટે ડ્રોન સંશોધન અને વિકાસ કેન્દ્ર તેમજ ડ્રોન તાલીમ સંસ્થાઓ સ્થાપી કૃષિ, જમીન-માપણી, આરોગ્ય, માળખાકીય કામો તથા કાયદો અને વ્યવસ્થા જેવાં ક્ષેત્રોમાં તેનો ઉપયોગ વધારવાનું આયોજન છે.
- રોજગારીની નવી તકો ઊભી કરવા, ઈન્ફર્મેશન ટેકનોલોજી અને બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં રોકાણોને વેગ આપવા નવી આઈ.ટી. તેમજ બી.ટી. નીતિની



જાહેરાત કરેલ છે. આ નીતિઓથી આઈ.ટી. અને બી.ટી. એક્સ્પોર્ટમાં ધરખમ વધારો થવાથી રાજ્યમાં **૨ લાખ** કરતાં વધુ નવી રોજગારીની તકોનું નિર્માણ થશે.

## કૃષિ, ખેડૂત કલ્યાણ, પશુપાલન, મત્સ્યોદ્યોગ અને સહકાર

- ખેડૂતોને વીજજોડાણ તેમજ રાહત દરે વીજળી ઉપલબ્ધ કરાવવા **રૂ. ૮ હજાર ૩૦૦ કરોડ** જેવી માતબર રકમની સબસિડી આપવામાં આવે છે.
- વીજજોડાણ માટે હાલમાં પડતર બધી અરજીઓનો આઝાદીના અમૃત મહોત્સવ પર્વ પહેલાં નિકાલ કરી ખેડૂતોને વીજજોડાણ આપવામાં આવશે.
- પાક કૃષિ વ્યવસ્થાની વિવિધ યોજનાઓ માટે જોગવાઈ **રૂ. ૨૩૧૦ કરોડ.**
- કૃષિ યાંત્રિકીકરણ અંતર્ગત ટ્રેક્ટર તેમજ વિવિધ ફાર્મ મશીનરીની ખરીદીમાં સહાય આપવા જોગવાઈ **રૂ. ૨૬૦ કરોડ.**
- રાષ્ટ્રીય કૃષિવિકાસ યોજના અંતર્ગત કૃષિ અને સંલગ્ન ક્ષેત્રોના વિવિધ પ્રોજેક્ટ માટે જોગવાઈ **રૂ. ૨૩૧ કરોડ.**
- સંપૂર્ણ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ માટે જોગવાઈ **રૂ. ૨૧૩ કરોડ.**
- મુખ્યમંત્રી પાક સંગ્રહ યોજના અંતર્ગત ખેતરમાં નાનાં ગોડાઉન બનાવવા માટે જોગવાઈ **રૂ. ૧૪૨ કરોડ.**
- પ્રાકૃતિક ખેતીને વેગ આપવા માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડની રચના કરવામાં આવેલ છે. આ બોર્ડ ખેડૂતોને આ અભિયાન સાથે જોડી કૃષિ ઉત્પાદન વધારવા માટે કાર્ય કરશે, તે માટે જોગવાઈ **રૂ. ૧૦૦ કરોડ.**
- સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ અંતર્ગત એગ્રો અને ફૂડ પ્રોસેસિંગ એકમોને સહાય આપવા જોગવાઈ **રૂ. ૧૦૦ કરોડ.**
- ખેડૂત ખાતેદાર અકસ્માત વીમા યોજના અંતર્ગત જોગવાઈ **રૂ. ૮૧ કરોડ.**
- ખેડૂતોને મલ્ટીપર્પઝ ઉપયોગ માટે એક ડ્રમ તથા પ્લાસ્ટિકના બે ટોકર વિના મૂલ્યે આપવા માટે જોગવાઈ **રૂ. ૫૪ કરોડ.**

## આ બજેટ ગુજરાતના વિકાસને વધુ વેગવંતો બનાવશે - શ્રી સી. આર. પાટીલ



**માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ દ્વારા રજૂ કરાયેલું બજેટ સર્વગ્રાહી, સમતોલ, દરેક ક્ષેત્રને સ્પર્શતું અને બાળકો-યુવાનો-મહિલાઓ-વડીલો કે વિધવા બહેનો આ તમામને લાભ અપાવતું બજેટ છે.**

**આ બજેટમાં વડીલોના પેન્શનમાં વધારો કરાયો છે, બાળકોને કુપોષણમાંથી બહાર લાવવા માટેની પણ જોગવાઈ કરાઈ છે.**

**સગર્ભા અને ધાત્રી માતાઓ અને એમના બાળકની ૧ હજાર દિવસ સુધી સરકાર કાળજી લેશે અને આ માટે ૧ હજાર કરોડથી વધુની વ્યવસ્થા પહેલીવાર ગુજરાત સરકારમાં કરવામાં આવી છે, આ એક ઐતિહાસિક બાબત છે.**

**માનનીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની અપેક્ષા હતી એ પ્રમાણેનું એક સમતોલ બજેટ રજૂ કરાયું છે. હું સૌને ખૂબ-ખૂબ અભિનંદન આપું છું. આ બજેટ ગુજરાતના વિકાસને વધુ વેગવંતો બનાવશે.**

- ડ્રોનના ઉપયોગથી ખાતર અને જંતુનાશક દવાઓનો છંટકાવ કરી ઉત્પાદન વધારવા અને કૃષિ ઈનપુટનો ખર્ચ ઘટાડવા જોગવાઈ **રૂ. ૩૫ કરોડ.**
- ડાંગ જિલ્લાના પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોને સંપૂર્ણ રસાયણમુક્ત ખેતી માટે પ્રોત્સાહિત કરવા જોગવાઈ **રૂ. ૩૨ કરોડ.**
- વન્યપ્રાણીઓ દ્વારા પાકને થતું નુકસાન અટકાવવા ખેતરની ફરતે સોલાર પાવર ફેન્સીંગમાં સહાય માટે જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- રાજ્યના સ્થાનિક ઉત્પાદકો દ્વારા વિકસાવવામાં આવેલ કૃષિ સાધન સનેડોના ઉપયોગને સહાય આપી પ્રોત્સાહિત કરવા જોગવાઈ **રૂ. ૧૦ કરોડ.**
- કમલમ્ (ડ્રેગન ફ્રુટ)ના વાવેતર વિસ્તારમાં વધારો થાય તે માટે જોગવાઈ **રૂ. ૧૦ કરોડ.**



- મધ ક્રાંતિને વેગ આપવા રાજ્યના ૧૦ હજાર ખેડૂતોને મધ ઉત્પાદનમાં જોડવા જોગવાઈ **રૂ. ૧૦ કરોડ.**
- અમદાવાદ, જામનગર અને ખેડા જિલ્લામાં બાગાયતી પાકોના ૩ સેન્ટર ઓફ એક્સેલન્સ ઊભાં કરવા માટે જોગવાઈ **રૂ. ૭ કરોડ.**
- પશુપાલકોને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ રાહત માટે જોગવાઈ **રૂ. ૩૦૦ કરોડ.**
- ગૌશાળા, પાંજરાપોળો અને ટ્રસ્ટ સંચાલિત સંસ્થાઓને ગૌવંશ નિભાવ તેમજ માળખાકીય સગવડોના વિકાસ માટે મુખ્યમંત્રી ગૌમાતા પોષણ યોજના અંતર્ગત જોગવાઈ **રૂ. ૫૦૦ કરોડ.**
- ગ્રામ્ય વિસ્તારમાં રખડતા તેમજ નિરાધાર ઢોરના નિભાવ તેમજ વ્યવસ્થા માટે જોગવાઈ **રૂ. ૫૦ કરોડ.**
- ગ્રામ્ય કક્ષાએ સ્વરોજગારી માટે ડેરી ફાર્મ તેમજ પશુ એકમ સ્થાપવા સહાય પૂરી પાડવા જોગવાઈ **રૂ. ૮૦ કરોડ.**
- ફરતાં પશુ-દવાખાનાની સેવાઓ ચાલુ રાખવા તેમજ સઘન બનાવવા માટે જોગવાઈ **રૂ. ૫૮ કરોડ.**
- ગાભણ તેમજ વિયાણ બાદનાં પશુઓ માટે ખાણદાણ સહાય યોજના થકી પશુપાલકોને લાભ આપવા માટે જોગવાઈ **રૂ. ૪૪ કરોડ.**
- મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજના માટે જોગવાઈ **રૂ. ૨૪ કરોડ.**
- ગ્રામ્ય દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓને દૂધઘર/ ગોડાઉન બાંધકામ માટે જોગવાઈ **રૂ. ૧૨ કરોડ.**
- કરુણા એનિમલ એમ્બ્યુલન્સ-૧૯૬૨ માટે જોગવાઈ **રૂ. ૮ કરોડ.**
- માછીમારોને મળતા રાહત દરના ડીઝલની મર્યાદામાં દરેક સ્તર પર ૨ હજાર લીટરનો વધારો કરવામાં આવશે. સાગરખેડુઓને હાઈસ્પીડ ડીઝલ વેટ રાહત યોજના માટે જોગવાઈ **રૂ. ૨૩૦ કરોડ.**
- સાગરખેડુઓને ટૂંકી મુદતના ધિરાણ પર વ્યાજ સહાય આપવા જોગવાઈ **રૂ. ૭૫ કરોડ.**
- પાંચ બારમાસી મત્સ્ય બંદરો નવાબંદર, વેરાવળ-૨, માઢવાડ, પોરબંદર-૨ અને સૂત્રાપાડાના વિકાસ તેમજ મત્સ્યોદ્યોગ કેન્દ્રોના નિર્માણની યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૨૦૧ કરોડ.**
- સાગરખેડુઓને આધુનિક સાધનો, સલામતી અને નફાકારક ઉત્પાદન વધારવા માટેની યોજનાઓ માટે જોગવાઈ **રૂ. ૪૦ કરોડ.**
- હાલનાં બંદરોના રખરખાવ અને મૂળભૂત સુવિધાઓને સુદૃઢ બનાવવા તથા ચોરવાડ અને ઉમરસાડી ખાતે ફ્લોટિંગ જેટીની સુવિધા પૂરી પાડવા માટે જોગવાઈ **રૂ. ૨૬૪ કરોડ.**
- પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના માટે જોગવાઈ **રૂ. ૩૦ કરોડ.**
- આંતરદેશીય મત્સ્યોદ્યોગ સાથે સંકળાયેલ લાભાર્થીઓને સાધન સહાય માટે જોગવાઈ **રૂ. ૨૫ કરોડ.**
- ભાંભરાપાણી મત્સ્યોદ્યોગના વિકાસ માટે ઝીંગા ઉછેર ફાર્મને માળખાકીય સવલતો પૂરી પાડવા જુદી જુદી યોજનાઓ માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- ખેડૂતોને ખરીફ, રવી તેમજ ઉનાળુ પાક માટે વ્યાજ રાહતની યોજના માટે જોગવાઈ **રૂ. ૧૨૫૦ કરોડ.**
- કૃષિ બજાર વ્યવસ્થાના સંચાલન તેમજ સુદૃઢીકરણ માટે જોગવાઈ **રૂ. ૫૦ કરોડ.**
- સહકારી ખાંડ મિલોને પુનઃ કાર્યાન્વિત કરવા લોન પેટે **રૂ. ૧૦ કરોડ.**
- ખાંડ સહકારી મંડળીઓને ટૂંકા તેમજ લાંબા ગાળાની વ્યાજ રાહત માટે જોગવાઈ **રૂ. ૧૩ કરોડ.**
- ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિઓમાં હમાલોને માલસામાનની હેરફેર માટે ટ્રોલી ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**

## જળસંપત્તિ

- સૌરાષ્ટ્ર વિસ્તારમાં સૌની યોજનાના ૧૩૭૧ કિલોમીટર લંબાઈના ૨૪ પેકેજની કામગીરી પૂર્ણ થયેલ છે, જ્યારે ૧૧૫૦ કિલોમીટર પાઈપલાઈનનાં ૭ પેકેજોનાં કામો પ્રગતિ હેઠળ છે. આ કામગીરીથી ૫૩ જળાશયો, ૧૩૦ જેટલાં તળાવો અને ૮૦૦ કરતાં વધુ ચેકડેમોમાં મા  નર્મદાનાં પાવન નીર વહેવડાવવામાં આવેલ છે. રાજકોટ, સુરેન્દ્રનગર, બોટાદ, મોરબી, જામનગર, ભાવનગર જેવાં શહેરોને પીવાનું પાણી પૂરું પાડતાં જળાશયોને નર્મદા યોજનાના પાણીથી ભરતાં આ



શહેરોની પાણીની સમસ્યાનો મહદંશે ઉકેલ આવેલ છે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૭૧૦ કરોડ.**

- કચ્છ વિસ્તારમાં નર્મદાના પૂરના વધારાના ૧ મિલિયન એકર ફીટ પાણીથી સિંચાઈ સુવિધાઓના આયોજન માટે **રૂ. ૪૩૬૯ કરોડ**ની યોજનાને મંજૂરી આપવામાં આવેલ છે. આ યોજનાના પ્રથમ તબક્કામાં કચ્છ જિલ્લાના ૬ તાલુકાના અંદાજે ૧ લાખ ૧૪ હજાર હેક્ટર વિસ્તારને સિંચાઈનો લાભ મળશે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૨૭૨ કરોડ.**
- કચ્છમાં આગામી પાંચ વર્ષમાં **રૂ. ૩૫૦ કરોડ**ના ખર્ચે મોટા ચેકડેમો અને પાણીસંગ્રહ માટેના હાઈડ્રોલિક સ્ટ્રક્ચરો તબક્કાવાર બનાવવાનું આયોજન છે. આ કામગીરી માટે જોગવાઈ **રૂ. ૬૫ કરોડ.**
- સુજલામ્ સુફલામ્ યોજના અંતર્ગત નર્મદા આધારિત **રૂ. ૧૬૦૦ કરોડ**ની કસરા-દાંતીવાડા પાઈપલાઈનની કામગીરી થકી પાટણ અને બનાસકાંઠા જિલ્લાના વિસ્તારોને પૂરક સિંચાઈનો લાભ આપવા જોગવાઈ **રૂ. ૯૩ કરોડ.**
- બનાસકાંઠા જિલ્લાના થરાદ, લાખણી, ડીસા અને દાંતીવાડા તાલુકાના વિસ્તારોને પૂરક સિંચાઈનો લાભ આપવા પ્રગતિ હેઠળની થરાદથી સીપુ ડેમ સુધીની પાઈપલાઈન માટે જોગવાઈ **રૂ. ૭૦ કરોડ.**
- વાત્રક નદીમાંથી અરવલ્લી જિલ્લાના માલપુર, મેઘરજ અને મોડાસા તાલુકાઓનાં ૭૨ તળાવો થકી સિંચાઈનો લાભ આપવા માટે **રૂ. ૧૮૬ કરોડ**ની યોજના અને શામળાજી પાસે આવેલ મેશ્વો જળાશયમાંથી પાણી ઉદ્‌વહન કરી ભિલોડા તથા મેઘરજ તાલુકાનાં ૩૦ તળાવોથી સિંચાઈનો લાભ આપવા માટે **રૂ. ૭૫ કરોડ**ની યોજના. બંને યોજના માટે કુલ જોગવાઈ **રૂ. ૪૫ કરોડ.**
- સાબરમતી નદી પર **રૂ. ૨૦૦ કરોડ**ના ખર્ચે હાથ ધરવામાં આવી રહેલ હીરપુરા અને વલાસણા બેરેજ માટે જોગવાઈ **રૂ. ૩૫ કરોડ.**
- ધરોઈ બંધ પરિક્ષેત્રને વિશ્વકક્ષાના પ્રવાસન સ્થળ અને યાત્રાધામ તરીકે વિકસાવવા **રૂ. ૨૦૦** કરોડના આયોજન હેઠળ બેરેજ બનાવવા માટે જોગવાઈ **રૂ. ૩૦ કરોડ.**
- કપડવંજ, કઠલાલ, મહેમદાવાદ, મહુધા, ગળતેશ્વર, બાલાસિનોર, લુણાવાડા, બાયડ વગેરે તાલુકાઓમાં આગામી પાંચ વર્ષમાં **રૂ. ૨૦૦ કરોડ**ની કિંમતના રીચાર્જવેલ, પાણીના સ્રોતો સાથે નેટવર્કીંગ, તળાવોની કેપેસિટી વધારવી વગેરે કામગીરીઓ તબક્કાવાર કરવાનું આયોજન છે. આ માટે જોગવાઈ **રૂ. ૧૪ કરોડ.**
- અમદાવાદ જિલ્લાના નળકાંઠા વિસ્તારના સાણંદ, બાવળા અને વિરમગામ તાલુકાના સિંચાઈ સુવિધાથી વંચિત રહેલ ગામોને સિંચાઈનો લાભ આપવા માટે જોગવાઈ **રૂ. ૨૫ કરોડ.**
- ખોરસમ – માતપુર – ડીંડરોલ પાઈપલાઈનને લંબાવી મુક્તેશ્વર જળાશયમાં નર્મદાના પૂરના વધારાનાં પાણી પહોંચાડવાની કામગીરી માટે જોગવાઈ રૂ. ૧૯ કરોડ.
- વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાં સિંચાઈ સુવિધા અને રીચાર્જીંગ માટે **રૂ. ૩૦૮ કરોડ**ની પોઈચા વિયરની કામગીરી માટે જોગવાઈ **રૂ. ૧૫ કરોડ.**
- કડાણા નહેર આધારિત પાઈપલાઈન દ્વારા કડાણા, સંતરામપુર અને લુણાવાડા તાલુકાનાં વિવિધ તળાવો ભરવાની યોજનાનાં કામો માટે જોગવાઈ **રૂ. ૧૦ કરોડ.**
- સુરત જિલ્લાના ઉમરપાડા તથા નર્મદા જિલ્લાના ડેડિયાપાડા તાલુકાના કુલ ૭૩ ગામોમાં સિંચાઈ સુવિધાનો લાભ આપવા માટે પ્રગતિ હેઠળની **રૂ. ૭૧૧ કરોડ**ની તાપી-કરજણ લીંક પાઈપલાઈન યોજનાનાં કામો માટે જોગવાઈ **રૂ. ૧૬૧ કરોડ.**
- પંચમહાલ જિલ્લામાં પાનમ ઉચ્ચ સ્તરીય કેનાલ / જળાશય આધારિત સિંચાઈ સુવિધા આપવા માટે **રૂ. ૪૫૨ કરોડ**ની કામગીરી માટે જોગવાઈ **રૂ. ૧૬૦ કરોડ.**
- દક્ષિણ ગુજરાતમાં પાર, નાર, તાન, અંબિકા, દમણગંગા વગેરે નદીઓ ઉપર મોટા ચેકડેમો/બેરેજો/ વિયર **રૂ. ૫૦૦ કરોડ**ના ખર્ચે આગામી પાંચ વર્ષમાં તબક્કાવાર બનાવવાનું આયોજન છે. આ કામગીરી માટે જોગવાઈ **રૂ. ૯૪ કરોડ.**
- હાથ ધરાયેલ ઉદ્‌વહન સિંચાઈ યોજનાઓ સોનગઢ-ઉચ્છલ-નિઝર, કાકરાપાર-ગોરધા-વડ, કરજણ જળાશય આધારિત પાઈપલાઈનો પૂર્ણ કરી સિંચાઈ વિતરણ વ્યવસ્થા માટે જોગવાઈ **રૂ. ૧૯૫ કરોડ.**



- કડાણા-દાહોદ પાઇપલાઇનનું વિસ્તૃતીકરણ કરી સિંચાઈ સુવિધામાં વધારો કરવા માટે **રૂ. ૨૨૬ કરોડ**ની યોજના માટે જોગવાઈ **રૂ. ૭૦ કરોડ.**
- પાનમ જળાશય આધારિત વાંકડી ગામ પાસેથી સંતરામપુર તાલુકાનાં ગામોનાં તળાવો ભરવા માટે **રૂ. ૧૩૩ કરોડ**ની ઉદ્‌વહન સિંચાઈ યોજના અંતર્ગત ૨૩ ગામોને લાભ આપવા માટે જોગવાઈ **રૂ. ૩૫ કરોડ.**
- મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના જુદાં જુદાં ૧૧ ગામોના આશરે ૧૬૦૦ હેક્ટર વિસ્તારને સિંચાઈ સુવિધા આપવા માટે **રૂ. ૮૪ કરોડ**ની યોજના માટે જોગવાઈ **રૂ. ૨૫ કરોડ.**
- નવસારી જિલ્લાના ગણદેવી તાલુકાનાં ગામોને સિંચાઈનો લાભ આપવા, બિલિમોરા નગરપાલિકા અને આજુબાજુનાં ગામોને પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવા, દરિયાઈ ખારાશ આગળ વધતી અટકાવવા તેમજ ભૂગર્ભજળ રીચાર્જ કરવા **રૂ. ૨૫૦ કરોડ**ની વાઘરેજ રિચાર્જ યોજનાનું આયોજન.
- પૂર્ણા નદી ઉપર વિરાવળ-કસ્બાપર ગામ પાસે ટાઈડલ રેગ્યુલેટરના બાંધકામ માટે **રૂ. ૨૫૦ કરોડ**ની યોજનાનું આયોજન
- કર્લી રિચાર્જ જળાશય વિસ્તારને પર્યાવરણીય સ્થળ તરીકે વિકાસ કરવા તેમજ ક્ષારપ્રવેશ નિયંત્રણની કામગીરીને સુદૃઢ કરવા જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- કચ્છમાં ક્ષાર પ્રવેશ નિયંત્રણ તેમજ જળસંગ્રહ કરવાના હેતુસર બંધારાની કામગીરી માટે જોગવાઈ **રૂ. ૮ કરોડ.**
- નર્મદા નદી ઉપર રૂ. ૫૩૨૨ કરોડના ખર્ચે મીઠા પાણીનું સરોવર બનાવવાની મહત્ત્વાકાંક્ષી ભાડભૂત બેરેજ યોજનાનું કામ ચાલુ છે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૧૨૪૦ કરોડ.**
- સરદાર સરોવર ડેમનું બાંધકામ વર્ષ ૨૦૧૭માં પૂર્ણ થયેલ છે. આ યોજનાના પાણીનો સિંચાઈ, જળવિદ્યુત ઉત્પાદન, પીવાના પાણી અને ઔદ્યોગિક વપરાશ માટે ઉપયોગ કરવામાં આવે છે. આગામી વર્ષે કચ્છ બ્રાંચ કેનાલ અને તેના આનુષંગિક નેટવર્કનું કામ પૂર્ણ કરી માંડવી તાલુકા સુધી નર્મદાનાં નીર પહોંચાડવાનું આયોજન કરવામાં આવેલ છે. તદુપરાંત ઉત્તર ગુજરાતમાં નર્મદા યોજનાની હયાત કેનાલોના સુદૃઢીકરણ અને સૌરાષ્ટ્રમાં મીસીંગ લીંક પૂર્ણ કરવા માટે વિશેષ આયોજન કરવામાં આવેલ છે. નર્મદા યોજના માટે જોગવાઈ **રૂ. ૬૦૯૦ કરોડ.**
- આગામી વર્ષમાં વધુ ૧ લાખ હેકટરમાં સૂક્ષ્મ સિંચાઈ યોજનાનો વ્યાપ વધારવા માટે જોગવાઈ **રૂ. ૫૦૦ કરોડ.**
- જલ જીવન મિશન અંતર્ગત હર ઘર જલ યોજના દ્વારા દરેક ઘરને પીવાનું શુદ્ધ પાણી પૂરું પાડવા કેન્દ્ર સરકારના **રૂ. ૨૫૦૦ કરોડ** અને રાજ્ય સરકારના **રૂ. ૩૦૪૦ કરોડ** સહિત કુલ **રૂ. ૫૫૪૦ કરોડ**નું આયોજન.
- આદિજાતિ વિસ્તારના ૬૬૨૭ ગામ-ફળિયાને પીવાના પાણીની સુવિધા આપવા પ્રગતિ હેઠળની **રૂ. ૬૬૫૩ કરોડ**ની જૂથ પાણી પુરવઠા યોજના હેઠળના ૧૨૩ કામો માટે જોગવાઈ **રૂ. ૭૦૯ કરોડ.**
- સૌરાષ્ટ્ર વિસ્તારમાં પીવાના પાણીની વ્યવસ્થા સુદૃઢ કરવા નાવડા-બોટાદ-ગઢડા-ચાવંડ અને બુધેલથી બોરડા સુધીની ૧૪૩ કિલોમીટર બલ્ક પાઈપલાઈનના અંદાજિત **રૂ. ૧૦૨૦ કરોડ**ના કામો પ્રગતિ હેઠળ છે, જે માટે જોગવાઈ **રૂ. ૩૧૦ કરોડ.**
- ભાવનગર, ગીર-સોમનાથ, અમરેલી, બોટાદ, જૂનાગઢ, રાજકોટ અને પોરબંદર જિલ્લાઓને પાણી પૂરું પાડવા ઢાંકીથી નાવડા સુધીની ૯૭ કિલોમીટર ૫૦૦ એમ.એલ.ડી ક્ષમતાની નવી બલ્ક પાઈપલાઈનનું આયોજન કરેલ છે, જેની અંદાજિત કિંમત રૂ. ૧૦૪૪ કરોડ છે. જેનાથી આ યોજનામાં સમાવિષ્ટ જિલ્લાઓ માટે ૫૦ કરોડ લીટર પાણીનો વધારાનો જથ્થો ઉપલબ્ધ થશે. આ કામ માટે જોગવાઈ **રૂ. ૫૦૦ કરોડ.**
- સૌરાષ્ટ્ર અને કચ્છના દરિયાકાંઠાનાં છેવાડાનાં ગામોમાં જળસલામતી પ્રદાન કરવા માટે ચાર જુદી જુદી જગ્યાએ ૨૭ કરોડ લીટર (૨૭૦ એમ.એલ.ડી.) ક્ષમતાના ડિસેલિનેશન પ્લાન્ટ સ્થાપવાનાં કામો માટે જોગવાઈ **રૂ. ૪૦૦ કરોડ.**
- રિયુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર નીતિ અંતર્ગત શહેરી વિસ્તારોનાં સુએઝ વોટરને ટ્રીટ કરી તેના પુનઃઉપયોગ માટે જોગવાઈ **રૂ. ૧૦૦ કરોડ.**



## આરોગ્ય અને પરિવાર કલ્યાણ

- કિશોરીઓ તેમજ મહિલાઓને માસિકધર્મ અંગે જાગૃતિ લાવવા અને સેનેટરી પેડ વિના મૂલ્યે ઉપલબ્ધ કરાવવા જોગવાઈ **રૂ. ૪૫ કરોડ.**
- કિશોરીઓમાં આયર્ન તત્ત્વની ઊણપના કારણે એનિમિયાનું પ્રમાણ જોવા મળે છે. આવનાર સમયમાં માતૃત્વ ધારણ કરનાર આ કિશોરીઓમાં હિમોગ્લોબીનનું મોનિટરીંગ કરવા તેમજ આયર્ન તત્ત્વની ઊણપ દૂર કરવા તેમને આયર્ન સુક્રોઝનાં ઈન્જેકશન આપવાની યોજનામાં સમાવેશ કરવા માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- બાળકોને સઘન પોષણ આપવા બાલ-અમૃત પોષણ યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- નવજાત શિશુ અને માતાને ઘર સુધી પહોંચાડવા માટે નવા ૯૦ ખિલખિલાટ વાહનો ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- સગર્ભા માતાઓ અને બાળકોને પોષણ સહાય આપવા પ્રધાનમંત્રી માતૃવંદના યોજના માટે જોગવાઈ **રૂ. ૧૫૦ કરોડ.**
- શહેરી ક્ષેત્રોમાં આરોગ્યસેવાઓ વધારે સુદૃઢ કરવા સી.એચ.સી. અને પી.એચ.સી. શરૂ કરવામાં આવેલ છે. આ વિસ્તારોમાં આયોજન મુજબ બાકી રહેતી તમામ સી.એચ.સી. અને પી.એચ.સી. શરૂ કરવામાં આવશે. વધુમાં આ કેન્દ્રો પર આરોગ્યકર્મીઓની ૧૨૩૮ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે, જે માટે જોગવાઈ **રૂ. ૧૬ કરોડ.**
- પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના- મુખ્યમંત્રી અમૃતમ્(મા)યોજનામાં રાજ્યના
- ૮૦ લાખ કરતાં વધુ કુટુંબોને રૂ. ૫ લાખ સુધીની મફત તબીબી સારવાર માટે આવરી લેવાયેલ છે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૧૫૫૬ કરોડ.**
- ૧૫મા નાણાપંચ અંતર્ગત આરોગ્ય કેન્દ્રોની માળખાકીય સગવડોના વિકાસ માટે આગામી પાંચ વર્ષમાં રૂ. ૩૩૪૧ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટે જોગવાઈ **રૂ. ૬૨૯ કરોડ.**
- સીંગરવા(અમદાવાદ) અને ડીસા(બનાસકાંઠા)ની પેટા જિલ્લા કક્ષાની હોસ્પિટલોને અપગ્રેડ કરી જિલ્લા કક્ષાની હોસ્પિટલ બનાવવા માટે **રૂ. ૩૬ કરોડ**ના આયોજન પૈકી જોગવાઈ **રૂ. ૮ કરોડ.**
- વાપીમાં ૧૦૦ બેડની નવી સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલ બનાવવામાં આવશે.
- ઊંઝા સબ-ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલને અપગ્રેડ કરી ૧૦૦ બેડની હોસ્પિટલ બનાવવામાં આવશે.
- આરોગ્ય સંસ્થાઓ ખાતે ટેલી- રેડિયોલોજી, ટેલી-આઈ.સી.યુ., ટેલી-મેડિસીન અને ટેલી-મેન્ટલ હેલ્થની સેવાઓ માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**
- એમ્બ્યુલન્સ સેવાઓનો વ્યાપ વધારવા નવી ૧૦૦ એમ્બ્યુલન્સ વાન અને ૧૦ મોબાઈલ સંજીવની વાન પૂરી પાડવા માટે જોગવાઈ **રૂ. ૨૨ કરોડ.**
- ટેલી-મેડિસીન કન્સલ્ટેશન અંતર્ગત ૬૦ વર્ષથી વધુ વયના લોકોને ઘરે બેઠાં લેબોરેટરી ટેસ્ટ સેમ્પલ કલેક્શન યોજના માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- છોટા ઉદેપુર અને કચ્છ જિલ્લામાં આવેલ તમામ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને ૨૪ x ૭ ચાલુ રાખી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ કરાવવા જોગવાઈ **રૂ. ૨ કરોડ.**
- દુર્ગમ વિસ્તારોમાં આરોગ્ય સેવાઓ પહોંચાડવા માટે મોટર સાયકલ આધારિત ૫૦ મોબાઈલ હેલ્થ યુનિટ શરૂ કરવા જોગવાઈ **રૂ. ૨ કરોડ.**
- તબીબી શિક્ષણનો વ્યાપ વધારી વધુ ડોકટર્સ ઉપલબ્ધ થાય તે માટે રાજ્યમાં ૩૧ મેડિકલ કોલેજ કાર્યરત છે, જેમાં ૫૭૦૦ એમ.બી.બી.એસ.ની અને ૨૦૦૦ પી.જી ની સીટો ઉપલબ્ધ છે. હાલ બીજી ૫ મેડિકલ કોલેજો શરૂ કરવાનું કાર્ય પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત બોટાદ, જામખંભાળિયા અને વેરાવળ ખાતે નવી મેડિકલ કોલેજો શરૂ કરવામાં આવશે.
- નાગરિકોને ઉચ્ચકક્ષાની આરોગ્યલક્ષી સેવાઓ આપવાના માસ્ટરપ્લાન પ્રોજેક્ટ અંતર્ગત અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા, જામનગર તથા ભાવનગરની સરકારી મેડિકલ કોલેજોમાં અદ્યતન સુવિધાઓ વિકસાવવા તેમજ આધુનિકીકરણ માટે જોગવાઈ **રૂ. ૧૦૬ કરોડ.**
- દર્દીઓને તમામ સુવિધાઓ મળી રહે તે માટે એસ. એસ.જી. હોસ્પિટલનું આધુનિકીકરણ કરી તેમાં સ્પાઈન, કીડની અને આંખોના રોગોની ઘનિષ્ઠ



સારવાર માટે **રૂ. ૨૦૦ કરોડ**ના આયોજન પૈકી જોગવાઈ **રૂ. ૩૦ કરોડ.**

- દર્દીઓને હૃદયરોગ સંબંધિત બીમારીઓની સારવાર અર્થે અનસૂયા ગ્રાઉન્ડ, વડોદરા ખાતે અત્યાધુનિક કાર્ડીએક કેથ લેબ અને હોસ્પિટલની સ્થાપના કરવા માટે **રૂ. ૧૫૦ કરોડ**ના આયોજન પૈકી જોગવાઈ **રૂ. ૨૩ કરોડ.**
- સિવિલ હોસ્પિટલ,અમદાવાદમાં ૯૦૦ બેડની સુવિધા સાથે નવીનીકરણ માટે **રૂ. ૪૫૦ કરોડ**ના આયોજન પૈકી જોગવાઈ **રૂ. ૬૮ કરોડ.**
- સુરત સિવિલ હોસ્પિટલમાં નવા ઓપીડી બિલ્ડિંગ તેમજ હયાત સુવિધાઓના વિસ્તૃતીકરણ માટે **રૂ. ૧૫૦** કરોડના આયોજન પૈકી જોગવાઈ **રૂ. ૨૩ કરોડ.**
- પાંચ સામૂહિક આરોગ્ય કેન્દ્રોને પેટા જિલ્લાકક્ષાની હોસ્પિટલમાં અપગ્રેડ કરવા **રૂ. ૧૦૦** કરોડના આયોજન પૈકી જોગવાઈ **રૂ. ૧૦ કરોડ.**
- મેડિકલ કોલેજોના વિદ્યાર્થીઓને મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના હેઠળ સહાય માટે જોગવાઈ **રૂ. ૫૦ કરોડ.**
- પીડીયુ હોસ્પિટલ, રાજકોટ ખાતે ૫૦૦ પથારીની ક્ષમતા ધરાવતી મેટરનિટી અને ચાઈલ્ડ હોસ્પિટલના બાંધકામ માટે જોગવાઈ **રૂ. ૧૪ કરોડ.**
- તબીબી શિક્ષણ અને સંશોધન માટે મેડિકલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવશે.
- સુરેન્દ્રનગર ખાતે આયુર્વેદ કોલેજ શરૂ કરવાનું આયોજન છે, જેના માટે જોગવાઈ **રૂ. ૧૨ કરોડ.**
- નવસારી જિલ્લાના બિલિમોરા ખાતે સરકારી આયુર્વેદિક હોસ્પિટલના નવા મકાનનાં બાંધકામ માટે જોગવાઈ **રૂ. ૧ કરોડ.**
- કામદાર રાજ્ય વીમા યોજનાનાં દવાખાનાંઓમાં નોંધાયેલ ન હોય તેવા લોકો પણ હવે આરોગ્ય સુવિધા સાથે સરકારી હોસ્પિટલના ધોરણે નિઃશુલ્ક દવાઓ મેળવી શકે તે માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- ખોરાક અને ઔષધ નિયમનતંત્ર હેઠળ ટેસ્ટિંગનો વ્યાપ વધારવા સુરત ખાતે નવી લેબોરેટરી સ્થાપવામાં આવશે. જે માટે જોગવાઈ **રૂ. ૩ કરોડ.**
- સસ્તા દરે ઉત્કૃષ્ટ ગુણવત્તાની દવાઓ મળી રહે તે માટે જેનરીક સ્ટોરને પ્રોત્સાહન માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**

## મહિલા અને બાળવિકાસ

- ગત વર્ષની સરખામણીએ મહિલા અને બાળવિકાસ વિભાગની જોગવાઈમાં ૪૨ ટકા જેટલો ધરખમ વધારો.
- સગર્ભા અને ધાત્રી માતા અને બાળકને પોષણક્ષમ આહાર મળી રહે તે માટે સુપોષિત માતા-સ્વસ્થ બાળયોજના હેઠળ કુટુંબને ૧ હજાર દિવસ સુધી દર મહિને ૧ કિલો તુવેર દાળ,૨ કિલો ચણા અને ૧ લીટર ખાદ્યતેલ વિનામૂલ્યે આપવા માટે આગામી વર્ષ માટે જોગવાઈ **રૂ. ૮૧૧ કરોડ.**
- આંગણવાડી કાર્યક્રમમાં બાળકોનાં પોષણ,પૂર્વ શિક્ષણ અને અન્ય સવલતો માટે જોગવાઈ **રૂ. ૧૧૫૩ કરોડ.**
- ૩ થી ૬ વર્ષનાં બાળકોને ઘરે ઘરે સુખડીનું વિતરણ કરવા તથા બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રેશન પૂરું પાડવા જોગવાઈ **રૂ. ૧૦૫૯ કરોડ.**
- ગંગાસ્વરૂપા બહેનોને મદદરૂપ થવા સરકારે આર્થિક સહાય આપવા માટેનાં ધોરણો ઉદાર કર્યા છે, જેથી ત્રણ વર્ષમાં આ યોજના હેઠળ બહેનોની સંખ્યા ૧.૫ લાખથી વધી આજે ૧૧ લાખ સુધી પહોંચેલ છે. આ યોજના અંતર્ગત સહાય આપવા જોગવાઈ **રૂ. ૯૧૭ કરોડ.**
- ૧૧ થી ૧૮ વર્ષની કિશોરીઓ માટે પૂરક પોષણ અને આરોગ્યલક્ષી શિક્ષણ આપતી પૂર્ણા યોજના માટે જોગવાઈ **રૂ. ૩૬૫ કરોડ.**
- આદિજાતિ વિસ્તારના ૧૦ તાલુકાઓમાં સગર્ભા માતાઓને પૂરક પોષણ આપતી પોષણ સુધા યોજના અમલમાં છે. આ યોજનાનો વ્યાપ વધારી આદિજાતિ વસ્તીનું બાહુલ્ય ધરાવતા ૭૨ તાલુકામાં આ યોજના વિસ્તારવાની અને પ્રતિ વ્યક્તિ દીઠ થતા ખર્ચમાં ૫૦ ટકા જેટલો વધારો કરવામાં આવશે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૧૧૮ કરોડ.**
- વહાલી દીકરી યોજના અંતર્ગત ૧ લાખ જેટલી દીકરીઓને જીવનના વિવિધ તબક્કે રૂ. ૧ લાખ સુધીની નાણાકીય સહાય આપવા માટે એલ.આઈ.સી.ને પ્રીમિયમ આપવા માટે જોગવાઈ **રૂ. ૮૦ કરોડ.**



- ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં નંદઘર બાંધકામ અને અન્ય માળખાકીય સુવિધાઓ માટે જોગવાઈ **રૂ. ૩૧ કરોડ.**
- નારીગૃહોની સુરક્ષા સુનિશ્ચિત કરવા તેમજ ત્યાં રહેતી બહેનોને રોજગારલક્ષી સગવડો પૂરી પાડવા આ ગૃહોને સી.સી.ટી.વી. તથા ઇન્ટરનેટથી જોડવા માટે જોગવાઈ **રૂ. ૧ કરોડ.**

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો

- ગત વર્ષની સરખામણીએ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગની જોગવાઈમાં ૨૪ ટકા જેટલો માતબર વધારો.
- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત એન.એફ.એસ.એ. પરિવારોને અન્ન વિતરણ કરવા જોગવાઈ **રૂ. ૬૨૧ કરોડ.**
- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત એન.એફ.એસ.એ. હેઠળ નોંધાયેલ પરિવારોના ભોજનમાં પ્રોટીનનું પ્રમાણ વધારવા તુવેરદાળ વિતરણ કરવાની યોજના સરકારે શરૂ કરેલ છે. તુવેરદાળ પર પ્રતિ કિલો રૂ. ૨૦ની સહાય આપવામાં આવતી હતી, જેના કારણે બજારભાવમાં થતા વધારાને કારણે લાભાર્થીને મળનાર ભાવમાં ફેરફાર જોવા મળતો હતો. સબસીડીની રકમ રૂ. ૪૦થી વધુ કરી આ યોજના હેઠળ રૂ. ૫૦ પ્રતિ કિલોના ફિક્સ ભાવે તુવેરદાળ પૂરી પાડવાનું નક્કી કરવામાં આવેલ છે. વધારાની સબસીડી સાથે આ યોજના માટે જોગવાઈ **રૂ. ૨૨૫ કરોડ.**
- જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત એન.એફ.એસ.એ. પરિવારોને ખાદ્યતેલ વિતરણ કરવા માટે જોગવાઈ **રૂ. ૯૮ કરોડ.**
- તંદુરસ્તી માટે સૂક્ષ્મ પોષક તત્ત્વોનો સમાવેશ રોજિંદા ભોજનમાં થાય તે જરૂરી છે. રાજ્યમાં હાલમાં જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ સીંગલ ફોર્ટિફાઈડ આયોડિનયુક્ત મીઠું આપવામાં આવે છે. હવે આયોડિન ઉપરાંત આયર્ન ફોર્ટિફિકેશન કરવામાં આવેલ ડબલ ફોર્ટિફાઈડ મીઠું તમામ ૭૦ લાખ એન.એફ.એસ.એ. પરિવારોને દર માસે ફક્ત રૂ. ૧ પ્રતિ કિલોના ભાવે આપવામાં આવશે, જે માટે જોગવાઈ **રૂ. ૭૬ કરોડ.**
- ૫૦ વિકાસશીલ તાલુકામાં આવેલ એન.એફ.એસ.એ લાભાર્થીઓના ભોજનમાં કઠોળનો વપરાશ વધારવા માટે દર માસે કુટુંબદીઠ તુવેરદાળ ઉપરાંત એક કિલો ચણાનું વિતરણ રૂ. ૩૦ પ્રતિ કિલોના ફિક્સ ભાવે કરવા માટે જોગવાઈ **રૂ. ૫૦ કરોડ.**
- ગ્રાહક સુરક્ષાની પ્રવૃત્તિઓ માટે જોગવાઈ **રૂ. ૨૧ કરોડ.**

## શિક્ષણ

- મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ યોજના હેઠળ રાજ્યની જુદી જુદી શાળાઓની માળખાકીય સગવડો તેમજ શિક્ષણની પદ્ધતિમાં સુધારાઓ માટે જોગવાઈ **રૂ. ૧૧૮૮ કરોડ.**
- પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં જર્જરિત ઓરડાઓના તેમજ નવા ઓરડાઓના નિર્માણ માટેનું સઘન અભિયાન સરકારે હાથ ધર્યું છે હાલમાં અઢી હજાર ઓરડાનું કામ પ્રગતિ હેઠળ છે અને આગામી વર્ષે ૧૦ હજાર નવા ઓરડાઓના નિર્માણનો લક્ષ્યાંક રાખેલ છે. આ માટે જોગવાઈ **રૂ. ૯૩૭ કરોડ.**
- આઝાદીના અમૃત મહોત્સવના અવસરે ગુજરાત રાજ્યના પ્રતિભાશાળી વિદ્યાર્થીઓને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ નિવાસી ધોરણે આપી શકાય તે માટે ૫૦ જ્ઞાન શક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ સામાજિક ભાગીદારીના ધોરણે શરૂ કરી ૧ લાખ વિદ્યાર્થીઓને શિક્ષણ આપવાનું નક્કી કરેલ છે. આ યોજના અંતર્ગત આગામી વર્ષ માટે જોગવાઈ **રૂ. ૯૦ કરોડ.**
- સૈનિક સ્કૂલ બાલાચડી, જામનગરને નવતર સુવિધાઓથી સુસજ્જ બનાવવા અને તેમાં રાજ્યની સરકારી શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવે તો તેમને શિક્ષણ અને અન્ય તમામ સેવાઓ વિના મૂલ્યે મળે તે માટે જોગવાઈ **રૂ. ૨૮ કરોડ.**
- દૂધ સંજીવની યોજનાનો વ્યાપ વધારી જાંબુઘોડા અને મોરવા-હડફ તાલુકાનો સમાવેશ કરવામાં આવશે. અંદાજે ૫૦ લાખ બાળકોને મધ્યાહ્ન ભોજન યોજના, અન્ન સંગમ યોજના, દૂધ સંજીવની યોજના અને સુખડી યોજનાનો લાભ આપવા માટે જોગવાઈ **રૂ. ૧૦૬૮ કરોડ.**



- રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત રાજ્યમાં ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે જોગવાઈ **રૂ. ૬૨૯ કરોડ.**
- અંદાજે ૧૧ લાખ વિદ્યાર્થીઓને એસ.ટી.બસ ફ્રી પાસ કન્સેશન માટે જોગવાઈ **રૂ. ૨૦૫ કરોડ.**
- માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વોકેશનલ એજ્યુકેશન અંતર્ગત જોગવાઈ **રૂ. ૧૨૯ કરોડ.**
- છેવાડાના તથા અંતરિયાળ વિસ્તારોમાં ૨૪૫ કસ્તૂરબા ગાંધી વિદ્યાલયમાં અભ્યાસ કરતી ૨૭ હજાર જેટલી બાળાઓ માટે મફત રહેવા તથા ભોજનની વ્યવસ્થા માટે જોગવાઈ **રૂ. ૧૨૨ કરોડ.**
- ઘરથી શાળાનું અંતર એક કિલોમીટરથી વધુ હોય તેવા ૨ લાખ ૩૦ હજાર કરતાં વધુ પ્રાથમિક શાળાનાં બાળકોને શાળાએ લાવવા-લઈ જવા માટે જોગવાઈ **રૂ. ૧૦૮ કરોડ.**
- શાળા બહારનાં બાળકોને શાળા સુધી લાવવાના પ્રયત્નો તેમજ આવાં બાળકોને અભ્યાસ તેમજ અન્ય ખાસ પ્રકારની તાલીમ આપવા માટે જોગવાઈ **રૂ. ૮૭ કરોડ.**
- વીજળીકરણ અને પીવાના પાણીની સુવિધાઓની ખૂટતી કડી પૂરી કરવા અને શાળાઓને સ્વચ્છતા સહાય માટે જોગવાઈ **રૂ. ૮૧ કરોડ.**
- સરકારી અને ગ્રાન્ટેડ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા તમામ જાતિના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો પૂરાં પાડવા માટે જોગવાઈ **રૂ. ૧૪૫ કરોડ.**
- ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની અંદાજે ૧૦ લાખ વિદ્યાર્થિનીઓ તથા તમામ દિવ્યાંગ વિદ્યાર્થીઓની પરીક્ષા ફી માફી માટે જોગવાઈ **રૂ. ૩૭ કરોડ.**
- શાળાઓમાં અભ્યાસ કરતા દિવ્યાંગ બાળકો માટે થેરાપીની સગવડ વિકસાવવા તેમજ વિશિષ્ટ જરૂરિયાતવાળાં બાળકોને સાધન સહાય આપવા માટે જોગવાઈ **રૂ. ૨૧ કરોડ.**
- મોડલ શાળાઓમાં ગર્લ્સ હોસ્ટેલના બાંધકામ માટે જોગવાઈ **રૂ. ૧૨ કરોડ.**
- ભારત સરકાર દ્વારા સંચાલિત સૈનિક શાળાઓ જેવી જ રક્ષાશક્તિ શાળાઓ રાજ્ય સરકાર દ્વારા સામાજિક ભાગીદારીથી શરૂ કરવા જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- સંસ્કૃત સાધના યોજના અંતર્ગત હયાત સંસ્કૃત ગુરુકુળોમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે જોગવાઈ **રૂ. ૮ કરોડ.**
- સંસ્કૃતના અભ્યાસ માટે સામાજિક ભાગીદારીથી નવાં સંસ્કૃત ગુરુકુળો શરૂ કરવા સંસ્કૃત શક્તિ ગુરુકુળ યોજના માટે જોગવાઈ **રૂ. ૩ કરોડ.**
- પ્રાથમિક શાળાઓ ખાતે CCTV કેમેરાની સુવિધા માટે જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- વડનગર ખાતે પ્રેરણાકેન્દ્ર શરૂ કરવા માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**
- મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં વિદ્યાર્થીઓને ટ્યુશન ફી તથા હોસ્ટેલ અને ભોજનખર્ચમાં શિષ્યવૃત્તિ સહાય પૂરી પાડવા માટે જોગવાઈ **રૂ. ૩૫૦ કરોડ.**
- માઈન્ડ ટુ માર્કેટના કન્સેપ્ટથી વિદ્યાર્થીઓને ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતા માટે પ્રેરિત કરવા સ્ટુડન્ટ સ્ટાર્ટઅપ અને ઈનોવેશન પોલિસી ૨.૦ અંતર્ગત ૧ હજાર ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓ અને ૧૦ હજાર શાળાઓમાં અંદાજે ૫૦ લાખ વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે પાંચ વર્ષ માટે **રૂ. ૩૦૦ કરોડ**નું આયોજન કરેલ છે. આગામી વર્ષ માટે જોગવાઈ **રૂ. ૬૦ કરોડ.**
- નમો ટેબ્લેટ યોજના અંતર્ગત ૩ લાખ જેટલા વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા જોગવાઈ **રૂ. ૨૦૦** કરોડ.
- ટેકનિકલ શિક્ષણ આપતી સંસ્થાઓમાં માળખાકીય સગવડો માટે જોગવાઈ **રૂ. ૧૧૭ કરોડ.**
- ડિજિટલ શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે ડિજિટલ એજ્યુકેશન ડેવલોપમેન્ટ ફંડ તરીકે જોગવાઈ **રૂ. ૩૦ કરોડ.**
- સરકારી કોલેજોના મકાન બાંધકામ, પુસ્તકો, આઈ. ટી. અને લેબોરેટરીનાં સાધનો માટે જોગવાઈ **રૂ. ૨૬ કરોડ.**
- પી.એચડી.ના ૧ હજાર વિદ્યાર્થીઓને સંશોધન તથા અન્ય ખર્ચને પહોંચી વળવા વિદ્યાર્થીદીઠ રૂ. ૨ લાખની સહાય પૂરી પાડતી શોધ યોજના અંતર્ગત જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી માટે ટોય હાઉસ, પુસ્તક પ્રકાશન અને આઈ.ટી. ઉપકરણ માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**



- સરકારી ઈજનેરી કોલેજો અને પોલિટેકનિક માટે બાંધકામ, સાધન-સામગ્રી, પુસ્તકો અને ખૂટતાં ફર્નિચર માટે જોગવાઈ **રૂ. ૩૭ કરોડ.**
- આઈ.આઈ.ટી.આર.એ.એમ. ખાતે ડ્રોન ટેકનોલોજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ અને મશીન લર્નિંગ અને વિવિધ સુવિધાઓ પૂરી પાડવા માટે જોગવાઈ **રૂ. ૬ કરોડ.**
- લિંબાયત (સુરત), જસદણ (રાજકોટ), બગસરા (અમરેલી), પાલીતાણા (ભાવનગર), વરાછા (સુરત) અને સંતરામપુર (મહીસાગર) ખાતે નવી સરકારી કોલેજો શરૂ કરવામાં આવશે.
- આદિજાતિ વિસ્તારોના કાછલ(સુરત), ડેડિયાપાડા(નર્મદા) અને ખેરગામ(નવસારી) ખાતેની હયાત કોલેજોમાં વિજ્ઞાન પ્રવાહ શરૂ કરવામાં આવશે.
- એન.સી.સી., એન.એસ.એસ., સ્કાઉટ અને ગાઈડ માટેની વિવિધ યોજનાઓ માટે જોગવાઈ **રૂ. ૯ કરોડ.**

## સામાજિક ન્યાય અને અધિકારિતા

- નિરાધાર વૃદ્ધ પેન્શન યોજનાના ૬૦થી ૮૦ વર્ષના લાભાર્થીઓને હાલ રૂ. ૭૫૦ માસિક પેન્શન આપવામાં આવે છે. જેમાં રૂ. ૨૫૦નો વધારો કરી રૂ. ૧૦૦૦ માસિક પેન્શન આપવામાં આવશે. ૮૦ વર્ષ ઉપરના લાભાર્થીઓને હાલ રૂ. ૧૦૦૦ માસિક પેન્શન આપવામાં આવે છે, જેમાં રૂ. ૨૫૦નો વધારો કરી રૂ. ૧૨૫૦ માસિક પેન્શન આપવામાં આવશે, જેનો લાભ આશરે ૧૧ લાખ લાભાર્થીઓને મળશે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૯૭૭ કરોડ.**
- રાષ્ટ્રીય દિવ્યાંગ પેન્શન યોજના અને સંત સુરદાસ દિવ્યાંગ પેન્શન યોજનામાં લાભાર્થીઓને હાલ રૂ. ૬૦૦ માસિક પેન્શન આપવામાં આવે છે, જેમાં રૂ. ૪૦૦નો વધારો કરી રૂ. ૧૦૦૦ માસિક પેન્શન આપવામાં આવશે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૩૫ કરોડ.**
- ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ દ્વારા આર્થિક અને સામાજિક વિકાસ માટે અમલમાં મુકાયેલ વિવિધ યોજનાઓ માટે જોગવાઈ **રૂ. ૫૦૦ કરોડ.**
- ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં દરેક સ્તરે રૂ. ૨૫૦નો વધારો કરવામાં આવશે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૪૪૬ કરોડ.**
- પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ, લઘુમતી અને આર્થિક રીતે પછાત વર્ગના અંદાજે ૩૬ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે હાલ રૂ. ૬૦૦ આપવામાં આવે છે, જેમાં રૂ. ૩૦૦નો વધારો કરી ગણવેશ સહાય માટે રૂ. ૯૦૦ આપવામાં આવશે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૩૭૪ કરોડ.**
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે ૧ લાખ વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થાં પેટે માસિક રકમ રૂ. ૧૫૦૦ આપવામાં આવે છે, જેમાં રૂ. ૬૬૦નો વધારો કરી માસિક રકમ રૂ. ૨૧૬૦ આપવા માટે જોગવાઈ **રૂ. ૨૮૮ કરોડ.**
- આંબેડકર આવાસ યોજના અને પંડિત દીનદયાળ આવાસ યોજના માટે જોગવાઈ **રૂ. ૨૦૫ કરોડ.**
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિનાં કોલેજ સંલગ્ન છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને ભોજન બિલ પેટે સહાય માટે જોગવાઈ **રૂ. ૧૯ કરોડ.**
- અનુસૂચિત જાતિ, વિકસતી જાતિ અને દિવ્યાંગોના શૈક્ષણિક, આર્થિક અને સામાજિક વિકાસ માટે સરકારે ૯ જેટલાં ખાસ નિગમોની રચના કરી છે, જેના થકી લાભાર્થીઓને લોન આપવા માટે જોગવાઈ **રૂ. ૧૦૫ કરોડ.**
- ધોરણ ૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની અંદાજે ૧ લાખ ૭૦ હજાર કન્યાઓને વિનામૂલ્યે સાયકલ આપવા સરસ્વતી સાધના યોજના માટે જોગવાઈ **રૂ. ૭૦ કરોડ.**
- દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચ શિક્ષણ એવા દરેક સ્તરે શિષ્યવૃત્તિમાં રૂ. ૫૦૦નો વધારો કરવામાં આવશે.
- માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારી માટે અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના લાભાર્થીઓને સાધનો પૂરાં પાડવા જોગવાઈ **રૂ. ૫૨ કરોડ.**



- કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિની કન્યાઓને સહાય માટે જોગવાઈ **રૂ. ૪૨ કરોડ.**
- સંકટ મોચન યોજના અંતર્ગત ગરીબી રેખા હેઠળનાં કુટુંબના મુખ્ય કમાનાર વ્યક્તિના દુઃખદ અવસાનથી આવી પડેલ મુશ્કેલભરી પરિસ્થિતિમાં કુટુંબને સહાય માટે જોગવાઈ **રૂ. ૨૧ કરોડ.**
- ડૉ. સવિતા આંબેડકર આંતરજ્ઞાતિય લગ્ન સહાય યોજનામાં હાલની સહાય રૂ. ૧ લાખ આપવામાં આવે છે, જેમાં રૂ. ૧.૫ લાખનો માતબર વધારો કરી રૂ. ૨ લાખ ૫૦ હજાર સહાય આપવામાં આવશે, જેના માટે જોગવાઈ **રૂ. ૧૫ કરોડ.**
- સાત ફેરા સમૂહલગ્ન સહાય યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૯ કરોડ.**
- ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલયોનું મકાનભાડું વિદ્યાર્થીદીઠ ગ્રામ્ય વિસ્તારમાં માસિક રૂ. ૫૦માંથી વધારી રૂ. ૧૦૦, નગરપાલિકા વિસ્તારમાં માસિક રૂ. ૭૦માંથી વધારી રૂ. ૧૪૦ અને મહાનગરપાલિકા વિસ્તારમાં માસિક રૂ. ૯૦માંથી વધારી રૂ. ૧૮૦ કરવામાં આવશે.
- વિકસતી જાતિ માટેની ડે-સ્કોલર અને હોસ્ટેલર માટે અપાતી પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિમાં રૂ. ૬૦૦થી રૂ. ૨૨૦૦ સુધીનો વધારો કરવામાં આવશે.
- અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના એન્જિનિયરીંગના વિદ્યાર્થીઓ માટેનાં સાધન ખરીદવાં હાલ રૂ. ૫૦૦૦ સહાય આપવામાં આવે છે, જેમાં રૂ. ૩૦૦૦નો વધારો કરી રૂ. ૮૦૦૦ સહાય આપવામાં આવશે.
- પી.એચડી. જેવા ઉચ્ચઅભ્યાસ કરનારા અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે સહાય રૂ. ૩૦ હજાર આપવામાં આવે છે, જેમાં રૂ. ૭૦ હજારનો માતબર વધારો કરી રૂ. ૧ લાખની સહાય આપવામાં આવશે.
- દિવ્યાંગ જનોને ભાવનાત્મક ટેકો આપવા સાંકેતિક ભાષાની વીડિયો કોલ સહિત રાજ્યકક્ષાની નવી ૨૪ x ૭ હેલ્પ લાઇન સુવિધા શરૂ કરવામાં આવશે.

## આદિજાતિ વિકાસ

- પાંચ વર્ષ માટે રૂ. ૧ લાખ કરોડની વનબંધુ કલ્યાણ યોજના-૨ શરૂ કરેલ છે.
- આજના ઈલેક્ટ્રોનિક યુગમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, સરકારી યોજનાકીય લાભો, ઓનલાઇન બેન્કિંગ સેવા, નોકરી-કોન્ટ્રાક્ટ માટે ઓન લાઇન અરજી, ઓનલાઇન શિક્ષણ, ઈ-કોમર્સ જેવી તમામ સેવાઓ માટે મોબાઈલ નેટવર્ક મુખ્ય માળખાકીય સુવિધા તરીકે ઊપસી આવેલ છે. આદિજાતિ વિસ્તારમાં મોબાઈલ નેટવર્કની સુવિધા સહેલાઈથી મળી શકે તે માટે ૫૦૦ નવાં મોબાઈલ ટાવર આવતાં બે વર્ષમાં ઊભાં કરવામાં આવશે, જે માટે જોગવાઈ **રૂ. ૧૦૦ કરોડ.**
- નિવાસી શાળાઓના માધ્યમથી ગુણવત્તાસભર શિક્ષણ આપવાના હેતુથી આદિજાતિ વિસ્તારોમાં સામાજિક ભાગીદારીથી ૨૫ બિરસા મુંડા જ્ઞાનશક્તિ રેસિડેન્સિયલ સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ શરૂ કરવામાં આવશે, જેમાં અનુસૂચિત જનજાતિના ૫૦ હજાર વિદ્યાર્થીઓને પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ આપવામાં આવશે, જે માટે જોગવાઈ **રૂ. ૪૫ કરોડ.**
- આદર્શ નિવાસી શાળાઓ, ઈ.એમ.આર.એસ. અને જી.એલ.આર.એસ. મળી કુલ ૧૭૭ જેટલી શાળાઓના અંદાજિત ૪૬ હજાર જેટલા વિદ્યાર્થીઓને નિવાસી શાળાશિક્ષણ આપવા માટે જોગવાઈ **રૂ. ૨૦૯ કરોડ.**
- અનુસૂચિત જનજાતિના ગ્રાન્ટ-ઈન-એઈડ છાત્રાલય અને આશ્રમશાળામાં રહેતા અંદાજે ૧ લાખ ૪૩ હજાર વિદ્યાર્થીઓને નિભાવ ભથ્થા પેટે હાલ માસિક રકમ રૂ. ૧૫૦૦ આપવામાં આવે છે, જેમાં રૂ. ૬૬૦નો વધારો કરી માસિક રકમ રૂ. ૨૧૬૦ આપવામાં આવશે, જે માટે જોગવાઈ **રૂ. ૫૦૩ કરોડ.**
- અનુસૂચિત જનજાતિના આશરે બે લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિનો લાભ આપવા માટે જોગવાઈ **રૂ. ૪૦૦ કરોડ.**
- દૂધ સંજીવની યોજના અંતર્ગત ૫૩ આદિજાતિ તાલુકાના ૮ લાખ જેટલા વિદ્યાર્થીઓને પોષણક્ષમ આહાર આપવા માટે જોગવાઈ **રૂ. ૧૪૭ કરોડ.**



- આદિજાતિ ખેડૂતોને વ્યક્તિગત/સામૂહિક સિંચાઈ કૂવા સાથે ૩ એચ.પી. સોલાર પંપની સહાય આપવા માટે જોગવાઈ **રૂ. ૭૫ કરોડ.**
- હળપતિઓ અને આદિમજૂથોને પાયાની ૬ સુવિધાઓ માટે અને સી.સી.ડી. પ્રોજેક્ટ હેઠળ જોગવાઈ **રૂ. ૬૭ કરોડ.**
- હળપતિ બોર્ડ દ્વારા ૩૫૦૦ જેટલા હળપતિ આવાસોના નિર્માણ માટે જોગવાઈ **રૂ. ૪૨ કરોડ.**
- પ્રાથમિક શાળાઓમાં ભણતાં અનુસૂચિત જનજાતિના અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને હાલ રૂ. ૬૦૦ ગણવેશ સહાય આપવામાં આવે છે, જેમાં રૂ. ૩૦૦નો વધારો કરી રૂ. ૯૦૦ ગણવેશ સહાય આપવામાં આવશે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૮૧ કરોડ.**
- આદિજાતિ વિસ્તારમાં ખેતીમાં પાવર ટીલર્સના ઉપયોગને પ્રોત્સાહન આપવા ખેડૂતોને સહાયની નવી યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૩૮ કરોડ.**
- ધોરણ ૧થી ૧૦માં અભ્યાસ કરતા અનુસૂચિત જનજાતિના અંદાજે ૧૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિમાં દરેક સ્તરે રૂ. ૨૫૦નો વધારો કરવામાં આવશે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૧૩૯ કરોડ.**
- આદિજાતિ ક્ષેત્રોમાં રોજગારીની તકોનું સર્જન કરવા તેમજ ઉદ્યોગ સાહસિકતાને વેગ આપવા ૮ નવા MSME જી.આઈ.ડી.સી એસ્ટેટની રચના કરવામાં આવશે. આ માટે જોગવાઈ **રૂ. ૪૦ કરોડ.**
- આદિજાતિ વિસ્તારમાં સહકારી ક્ષેત્રે આવેલ ખાંડ મિલોને પુનઃ કાર્યાન્વિત કરવા તેમજ શેરમૂડી માટે લોન સહાય પેટે જોગવાઈ **રૂ. ૪૦ કરોડ.**
- આદિજાતિ લાભાર્થીઓ માટે સંકલિત ડેરી વિકાસ યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૨૭ કરોડ.**
- આદિજાતિ લાભાર્થીઓ માટે કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૩૦ કરોડ.**
- અદ્યતન સુવિધાવાળાં સમરસ છાત્રાલયોની યોજના અંતર્ગત અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને નિવાસી સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે જોગવાઈ **રૂ. ૨૩ કરોડ.**
- ગુજરાત આદિજાતિ વિકાસ કોર્પોરેશન દ્વારા સ્વરોજગારી માટે જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- ધો.૯માં અભ્યાસ કરતી અનુસૂચિત જનજાતિની વિદ્યાર્થિનીઓને સાયકલ આપવા વિદ્યાસાધના યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૧૭ કરોડ.**
- બિરસા મુંડા આદિજાતિ યુનિવર્સિટીના સંચાલન, શૈક્ષણિક પ્રવૃત્તિઓ અને સંશોધન કાર્યો માટે જોગવાઈ **રૂ. ૧૭ કરોડ.**
- માનવ ગરિમા યોજના હેઠળ સ્વરોજગારીની કીટ આપવા જોગવાઈ **રૂ. ૧૫ કરોડ.**
- ટેલેન્ટ પુલ યોજના અંતર્ગત વિદ્યાર્થીઓને શિક્ષણ હેતુસર સહાય આપવા જોગવાઈ **રૂ. ૧૩ કરોડ.**
- ટી.બી., કેન્સર, રક્તપિત્ત અને સીકલસેલ એનિમિયા જેવા રોગોની સારવારની મફત તબીબી સહાય યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૧૧ કરોડ.**
- અનુસૂચિત જનજાતિના લાભાર્થીઓ માટે ઉત્પાદન-સહ વેચાણના હેતુસર હાટ બજાર વ્યવસ્થાના સહયોગ માટે જોગવાઈ **રૂ. ૩ કરોડ.**
- આદિજાતિ જિલ્લાઓમાં દૂધમંડળીની બાંધકામ સહાય માટે જોગવાઈ **રૂ. ૩ કરોડ.**
- પી.એચડી. જેવા ઉચ્ચ અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવા માટે હાલ સહાય રૂ. ૨૫ હજાર આપવામાં આવે છે, જેમાં રૂ. ૭૫ હજારનો ધરખમ વધારો કરીને સહાય રૂ. ૧ લાખ આપવામાં આવશે.

## પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ

- ગ્રામ્ય કક્ષાએ વધુ સારી કનેક્ટિવિટી ઉપલબ્ધ કરાવી ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા, ડિજિટલ પોર્ટલના માધ્યમથી ઉપલબ્ધ કરાવેલ સરકારી યોજનાકીય લાભો, ઓનલાઇન બેન્કિંગ સેવા, ઓનલાઇન શિક્ષણ જેવી તમામ સેવાઓ ગામલોકોને હાથવગી ઉપલબ્ધ કરાવવા ફ્રી વાઈ-ફાઈની સુવિધા પૂરી પાડવામાં આવશે.
- ૧૫મા નાણાપંચ હેઠળ પંચાયતોને માળખાકીય સગવડો માટે રૂ. ૧૫ હજાર ૬૫૦ કરોડ મળનાર છે. તે પૈકી આગામી વર્ષ માટેની જોગવાઈ **રૂ. ૨૪૪૬ કરોડ.**



- ગ્રામપંચાયતોમાં માળખાગત સુવિધાઓનો વિકાસ કરી, ગ્રામજનોનું જીવનધોરણ ઊંચું લાવવા, જાહેર ગ્રંથાલયો બનાવવાં, ગામલોકોના સ્વાસ્થ્યના સુધારા માટે કસરતનાં સાધનો પૂરાં પાડવા, સ્મૃતિ સ્મારકોનું રિપેરિંગ કરવા, ગામનું ગેઝેટિયર બનાવવા, ગ્રામ પંચાયત કચેરી પર સોલર રૂફ ટોપ લગાડવા જેવી બાબતોનો સમાવેશ કરતી મુખ્યમંત્રી ગ્રામ અસ્મિતા યોજના શરૂ કરવામાં આવશે.
- ઈ-ગ્રામ સેન્ટરની સગવડોને વધારે સઘન તેમજ સુદૃઢ બનાવી ૨૦૦ જેટલી સેવાઓ પૂરી પાડવા જોગવાઈ **રૂ. ૩૫ કરોડ.**
- રાજ્યનાં બધા ગામોમાં તબક્કાવાર વિનામૂલ્યે વાઈ-ફાઈ સેવા કરવાની યોજનાના પ્રથમ તબક્કામાં અંદાજે ૪ હજાર ગામોમાં વિનામૂલ્યે વાઈ-ફાઈની સગવડ પૂરી પાડવા જોગવાઈ **રૂ. ૭૧ કરોડ.**
- આઠ શહેરી વિકાસ સત્તામંડળોના વિસ્તારમાં આવેલ ગ્રામ પંચાયતોમાં ઘન કચરાના નિકાલની વ્યવસ્થા ઊભી કરવા જોગવાઈ **રૂ. ૭૫ કરોડ.**
- રસીકરણ, જન્મ-મરણ નોંધણી, નળ કનેક્શન, મહિલા અને બાળકોમાં પોષણ જેવા માપદંડોને આધારે સ્માર્ટ વિલેજ જાહેર કરી તેમને પ્રોત્સાહન આપવા માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**
- પંચાયત વિભાગના વહીવટી માળખાને સુદૃઢ કરવાના ભાગરૂપે ૧૩ હજાર જેટલી જગ્યાઓ ભરવા માટે ભરતીની પ્રક્રિયા હાલ પ્રગતિ હેઠળ છે.
- ૨૦૨૪ સુધીમાં સૌને આવાસના ઉદ્દેશને પરિપૂર્ણ કરવા પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) હેઠળ, આવતાં બે વર્ષમાં ૪ લાખ જેટલા નવા આવાસો બનાવવાના ભગીરથ પ્રયાસો સરકારે આદર્યાં છે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૯૩૩ કરોડ.**
- મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના અંતર્ગત જોગવાઈ **રૂ. ૯૦૦ કરોડ.**
- આંગણવાડી, શાળાના ઓરડા, મધ્યાહ્ન ભોજન શેડ, વન-નર્સરી, સામુદાયિક કૂવા, કેટલ શેડ વગેરે લોકોપયોગી અસ્ક્યામતો મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાના જોડાણથી ઊભી કરવા મટીરિયલ કમ્પોનન્ટ માટે જોગવાઈ **રૂ. ૫૦૦ કરોડ.**
- સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) અંતર્ગત ગ્રામ્ય કક્ષાએ સફાઈનાં ધોરણ સુધારવા માટે જોગવાઈ **રૂ. ૪૬૭ કરોડ.**
- મહિલાઓનાં સશક્તિકરણ અને આર્થિક વિકાસ માટે નેશનલ રૂરલ લાઈવલીહૂડ મિશન (આજીવિકા) અંતર્ગત જોગવાઈ **રૂ. ૨૩૧ કરોડ.**
- ગ્રામ્યસ્તરે પાયાની સેવાઓ અને આર્થિક ઉન્નતિને પ્રોત્સાહન આપવા શ્યામાપ્રસાદ મુખર્જી રૂર્બન મિશન હેઠળ જોગવાઈ **રૂ. ૯૧ કરોડ.**
- નવા મંજૂર થયેલ આવાસની સાથે બાથરૂમ સુવિધા માટે પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત જોગવાઈ **રૂ. ૩૮ કરોડ.**
- મહિલા સ્વસહાય જૂથોને ધિરાણ પર વ્યાજ સહાય આપવા જોગવાઈ **રૂ. ૧૮ કરોડ.**

## શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ

- સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાને વર્ષ ૨૦૨૪ સુધી લંબાવવામાં આવેલ છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજ્યની મહાનગરપાલિકાઓ, નગરપાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળો માટે જોગવાઈ **રૂ. ૫૨૦૩ કરોડ.**
- ઓક્ટ્રોય નાબૂદી વળતરમાં આગામી વર્ષે ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે. આ યોજના અંતર્ગત જોગવાઈ **રૂ. ૩૦૪૧ કરોડ.**
- શહેરી વિસ્તારમાં નવા ૫૫ હજાર આવાસોના નિર્માણ અર્થે સહાય આપવા જોગવાઈ **રૂ. ૯૪૨ કરોડ.**
- આઝાદીના અમૃત મહોત્સવના ભાગરૂપે વિવિધ નગરપાલિકાઓમાં ૭૫ ઓપન જીમયુક્ત ગાર્ડન બનાવવા માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- ૧૫મા નાણાંપંચ હેઠળ આગામી પાંચ વર્ષમાં સ્થાનિક વિકાસનાં કામો માટે અંદાજે રૂ. ૬ હજાર ૫૦૦ કરોડનું આયોજન કરવામાં આવેલ છે. આગામી વર્ષ માટેની જોગવાઈ **રૂ. ૧૦૬૨ કરોડ.**
- મહાનગરપાલિકાઓમાં મેટ્રોરેલ અને મેટ્રોલાઇટની સેવાઓ પૂરી પાડવા માટે જોગવાઈ **રૂ. ૭૨૨ કરોડ.**
- સ્માર્ટ સિટી યોજના હેઠળ અમદાવાદ, સુરત, રાજકોટ, વડોદરા અને ગાંધીનગર મહાનગરપાલિકાઓ તથા



દાહોદ નગરપાલિકાને માળખાકીય સગવડો માટે જોગવાઈ **રૂ. ૭૦૦ કરોડ.**

- અમૃત યોજના-૨ અંતર્ગત પાણીપુરવઠા, ગટરવ્યવસ્થા, વરસાદી પાણીનો નિકાલ, તળાવનો વિકાસ અને પરિવહન વ્યવસ્થા માટે જોગવાઈ **રૂ. ૩૫૦ કરોડ.**
- શહેરી વિસ્તારોને રેલ્વે ફાટક મુક્ત બનાવવાના અભિયાન અંતર્ગત ઓવરબ્રિજ બનાવવા માટે જોગવાઈ **રૂ. ૨૭૧ કરોડ.**
- સ્વચ્છ ભારત મિશન તથા નિર્મળ ગુજરાત યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૨૨૪ કરોડ.**
- દીનદયાળ અંત્યોદય યોજના-નેશનલ લાઈવલીહૂડ મિશન હેઠળ જોગવાઈ **રૂ. ૧૬૩ કરોડ.**
- મહાનગરપાલિકા અને નગરપાલિકાઓને અગ્નિશમન વાહનો અને બીજા અત્યાધુનિક સાધનો પૂરાં પાડવા તેમજ ૧૬ નગરપાલિકાઓમાં મોડલ ફાયર સ્ટેશન બનાવવા માટે જોગવાઈ **રૂ. ૧૫૭ કરોડ.**
- નગરપાલિકાઓ દ્વારા સ્ટ્રીટ લાઈટ, વોટર વર્ક્સ અને સુએઝ વર્ક માટે ૧૫૦ મેગાવોટ વીજળી બિનપરંપરાગત સ્રોતોથી મેળવી ઊર્જા ક્ષેત્રે નગરપાલિકાઓને આત્મનિર્ભર બનાવવા માટે **રૂ. ૬૦૦ કરોડ**ના ખર્ચે ગૃપ કેપ્ટીવ સોલાર અને વીન્ડ એનર્જી પાર્ક સ્થાપવામાં આવશે. જે યોજના માટે જોગવાઈ **રૂ. ૬૦ કરોડ.**
- વર્લ્ડ બેંક સહાયિત ગુજરાત રેઝિલિયન્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ હેઠળ અમદાવાદ મહાનગરપાલિકાના રૂ. ૩ હજાર કરોડના માળખાકીય સુવિધાઓ અંગેના પ્રોજેક્ટને મંજૂરી.
- સુરતમાં તાપી નદીકાંઠાના ડેવલપમેન્ટ માટે વર્લ્ડ બેંક સહાયિત **રૂ. ૧૯૯૧ કરોડ**ના પ્રોજેક્ટને મંજૂરી.
- ઔડા વિસ્તારમાં માળખાગત સુવિધાઓ માટે એશિયન ડેવલપમેન્ટ બેંક સહાયિત **રૂ. ૧૯૦૦ કરોડ**ના પ્રોજેક્ટને મંજૂરી.
- રાજ્યની અ-વર્ગની ૨૨ નગરપાલિકાઓમાં નાગરિકોને આપવામાં આવતી જુદી-જુદી સેવાઓ તાત્કાલિક મળી શકે તે માટે સિવિક સેન્ટરો ઊભાં કરવા માટે જોગવાઈ **રૂ. ૧૧ કરોડ.**
- શહેરમાં રખડતાં તેમજ નિરાધાર ઢોરના નિભાવ તેમજ વ્યવસ્થા માટે જોગવાઈ **રૂ. ૫૦ કરોડ.**
- ધાર્મિક સ્થળોની સેવા-પૂજા કરનાર વ્યક્તિના ધાર્મિક પરિસરમાં આવેલ રહેઠાણના મકાનને મિલકત વેરામાંથી મુક્તિ આપવામાં આવશે.

## ઉદ્યોગ અને ખાણ

- વાંસી-બોરસી, જિલ્લો નવસારી ખાતે કેન્દ્ર સરકારની PM MITRA યોજના હેઠળ રોજગારીના વિપુલ અવસરો ઊભા કરવા અદ્યતન સુવિધા ધરાવતા ટેક્ષટાઈલ પાર્કની સ્થાપના કરવાનું આયોજન.
- ટેક્ષટાઈલ ઉદ્યોગોને પ્રોત્સાહન આપી ટેક્ષટાઈલ વેલ્યુ ચેઈન પૈકીનાં ખાસ ક્ષેત્રોને મજબૂત કરવા માટે જોગવાઈ **રૂ. ૧૪૫૦ કરોડ.**
- નિકાસની નવી તકો સાથે રોજગારીના વિપુલ અવસરોનું નિર્માણ કરવા મોરબી ખાતે **રૂ. ૪૦૦ કરોડ**ના ખર્ચે વૈશ્વિક કક્ષાની સુવિધા ધરાવતું ઈન્ટરનેશનલ સિરામિક પાર્ક સ્થાપવાનું આયોજન.
- એમ.એસ.એમ.ઈ. ઉદ્યોગોના સર્વાંગી વિકાસ અને સ્પર્ધાત્મકતા વધારવા માટે સ્કીમ ફોર ફાઈનાન્સિયલ આસિસ્ટન્સ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ સહાય આપવા જોગવાઈ **રૂ. ૧૩૬૦ કરોડ.**
- નવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહિત કરવા માટે તથા રાજ્યમાં સ્ટાર્ટ-અપ ઈકો સીસ્ટમને વધુ સુદૃઢ બનાવવા અર્થે સ્ટાર્ટ-અપ-વેન્ચર ફાઈનાન્સ યોજના માટે **રૂ. ૧૦૦૦ કરોડ**નું ફંડ ઊભું કરવાનું આયોજન કરેલ છે, જે માટે આગામી વર્ષ માટે જોગવાઈ **રૂ. ૨૦૦ કરોડ.**
- ઔદ્યોગિક ટ્રીટેડ પાણીના નિકાલ માટે સરીગામ, વાપી, સુરત અને અંકલેશ્વરમાં ડીપ-સી પાઈપલાઇન નાખવામાં આવશે, જેના માટે જોગવાઈ **રૂ. ૪૮૦ કરોડ.**
- ભારતના પ્રથમ ગ્રીન ફીલ્ડ સ્માર્ટ સિટી ધોલેરામાં વધુ મૂડીરોકાણ આકર્ષી રોજગારીની તકો સર્જવા તેમજ રોકાણકારોને પ્રોત્સાહન આપવા ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ ઈન્વેસ્ટમેન્ટ પ્રમોશન સ્કીમ હેઠળ જોગવાઈ **રૂ. ૪૦ કરોડ.**



- બાજપાઈ બેંકેબલ યોજના અન્વયે અંદાજે ૩૭ હજાર લાભાર્થીઓને ધિરાણ માટે વ્યાજ સહાય આપવા જોગવાઈ **રૂ. ૨૩૮ કરોડ.**
- માનવ કલ્યાણ યોજના અન્વયે નાના પ્રકારના ધંધા રોજગાર કરતા ૩૪ હજાર લાભાર્થીઓને ૨૭ ટ્રેડ માટે સાધન-ઓજાર સ્વરૂપે સહાય આપવા માટે જોગવાઈ **રૂ. ૪૮ કરોડ.**
- રાજ્યના વાયેબલ માંદા ઔદ્યોગિક એકમોના પુનર્વસન માટે જોગવાઈ **રૂ. ૪૫ કરોડ.**
- ભારત સરકાર દ્વારા જાહેર કરેલ નેશનલ હાઈડ્રોજન મિશન અને વિવિધ પ્રોડકશન લીન્ક ઈન્સેન્ટિવ સ્કીમોને સુસંગત રહીને, પસંદ કરેલા સેકટરોમાં મોટા પ્રમાણમાં રોજગારી ઊભી કરવા તેમજ મૂડીરોકાણને આકર્ષવા નવી ઔદ્યોગિક પ્રોત્સાહન યોજના તથા તે અંગેના સંશોધન અને વિકાસ અર્થે ગ્રીન ઈનોવેશન ફંડ માટે મૂડી જોગવાઈ **રૂ. ૫૦ કરોડ.**
- સંશોધન અને વિકાસ યોજના-૨૦૨૦ અન્વયે સંસ્થાઓને સંશોધન/પ્રોડક્ટ ડેવલપમેન્ટ સેન્ટર સ્થાપવા સહાય આપવા માટે જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- રાજ્યમાં પાંચ સ્થળોએ એગ્રો-ફૂડ પાર્કની સ્થાપના કરવાનું આયોજન.
- મત્સ્યોદ્યોગને પ્રોત્સાહન આપી નિકાસને વેગ આપવા પાંચ સી-ફૂડ પાર્કની સ્થાપના કરવાનું આયોજન.
- પ્રવાસીઓને આધુનિક સુવિધાઓ માટે જોગવાઈ **રૂ. ૨૮૮ કરોડ.**
- ઐતિહાસિક અને બૌદ્ધ ધર્મના વૈશ્વિક કેન્દ્ર સમા વડનગર ખાતે પ્રેરણા શાળામાં તાલીમ કેન્દ્ર અને સુવિધાઓ માટે **રૂ. ૫૦ કરોડ**નું આયોજન.
- રાજ્યનાં મુખ્ય શહેરોથી નજીક પિકનિક સ્પોટના વિકાસ માટે **રૂ. ૨૦ કરોડ**નું આયોજન.
- વર્લ્ડ હેરીટેજ સાઈટ ચાંપાનેર ખાતે વિવિધ પ્રવાસી સુવિધાઓ પૂરી પાડવા **રૂ. ૨૦ કરોડ**નું આયોજન.
- વિશ્વપ્રસિદ્ધ સફેદ રણ અને બીજાં પ્રવાસન સ્થળોએ કેરેવાન પાર્કના વિકાસ માટે **રૂ. ૧૦ કરોડ**નું આયોજન.
- સુરતના ભીમરાડને ઐતિહાસિક પર્યટન સ્થળ તરીકે વિકસાવવા તેમજ ગાંધી સ્મારકના વિકાસ માટે **રૂ. ૧૦ કરોડ**નું આયોજન.
- યુનેસ્કો દ્વારા જાહેર કરેલ વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા ખાતે પ્રવાસી સુવિધાઓ વિકસાવવા માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- પ્રવાસન દ્વારા સ્વ-રોજગારીને પ્રોત્સાહન આપવા ગાઈડ તરીકેની ઓનલાઈન ટ્રેનિંગનું નવું પ્લેટફોર્મ ઊભું કરવા જોગવાઈ **રૂ. ૭ કરોડ.**
- વલસાડના પારડી બીચને પ્રવાસીઓ માટે સુવિધાસભર બનાવવા **રૂ. ૫ કરોડ**નું આયોજન.
- મહીસાગર જિલ્લાનાં પ્રવાસન સ્થળોની સર્કિટના વિકાસ માટે **રૂ. ૨ કરોડ**નું આયોજન.
- સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતા નગર ખાતે ટ્રોમા સેન્ટરની સુવિધા સાથે ૧૦૦ બેડની પેટા જિલ્લાકક્ષાની આધુનિક હોસ્પિટલ બનાવવામાં આવશે.
- સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસા, મહાગુજરાત ચળવળ, રાજ્યના સર્જન અને વિકાસગાથા પ્રત્યે જાગૃતિ લાવવા ગુજરાત વંદના મ્યુઝિયમના નિર્માણનું આયોજન છે.
- એકતા નગર તથા ગરુડેશ્વર તાલુકાનાં બાવન ગામોને ભારતનેટ ફેઝ-૨ પ્રોજેક્ટ હેઠળ હાઈ-સ્પીડ કનેક્ટિવિટીથી જોડવામાં આવશે.
- એકતા નગર વિકાસની વિવિધ કામગીરીઓ માટે જોગવાઈ રૂ. ૬૫૨ કરોડ.
- સી-પ્લેન સેવાઓ માટે વોટર એરોડ્રામ અને આનુષંગિક સગવડો વિકસાવવા તેમજ દ્વારકા ખાતે નવું એરપોર્ટ વિકસાવવા જોગવાઈ **રૂ. ૧૯ કરોડ.**
- સ્ટેચ્યુ ઓફ યુનિટીથી સાપુતારા રૂટમાં આદિજાતિ વિસ્તારનાં ધાર્મિક સ્થળોની સર્કિટમાં સુવિધાઓ વિકસાવવા જોગવાઈ **રૂ. ૪ કરોડ.**
- યાત્રાધામોમાં 'લાઈટ એન્ડ સાઉન્ડ શો' અને આઠ મહત્ત્વનાં યાત્રાધામો ખાતે સી.સી.ટી.વી. અને વાઈ-ફાઈ માટે જોગવાઈ **રૂ. ૯ કરોડ.**
- અનુસૂચિત જનજાતિ સમાજ માટે મા શબરીની સ્મૃતિમાં શ્રી રામ જન્મભૂમિ શબરી સ્મૃતિ યાત્રા માટે જોગવાઈ **રૂ. ૧ કરોડ.**

### વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી

- આઈ.ટી. અને બી.ટી. પોલિસી અંતર્ગત લાયકાત ધરાવતા એકમો/વ્યક્તિઓને સહાય આપવા માટે



જોગવાઈ **રૂ. ૧૧૧ કરોડ.**

- ભારતનેટ પ્રોજેક્ટ દ્વારા રાજ્યની ૧૪ હજારથી વધુ ગ્રામ પંચાયતોને ઓપ્ટિકલ ફાયબર નેટવર્ક દ્વારા ઈન્ટરનેટથી જોડાણ કરી ગુજરાત દેશમાં સર્વ પ્રથમ સિદ્ધિ હાંસલ કરનાર રાજ્ય બન્યું છે. આ હાઈસ્પીડ ઈન્ટરનેટ કનેક્ટિવિટીથી ગામમાં આવેલી શાળાઓ, આંગણવાડી, સ્વાસ્થ્ય કેન્દ્ર, પોલીસ સ્ટેશન, બીજી સરકારી અને સહકારી સંસ્થાઓને જોડાણ આપવા માટે જોગવાઈ **રૂ. ૭૩ કરોડ.**
- સાયન્સ સિટીમાં માનવ અને જીવવિજ્ઞાન ગેલેરી સ્થાપવા માટે **રૂ. ૨૫૦ કરોડ**ના ખર્ચે આયોજન કરવામાં આવેલ છે, જે પૈકી આગામી વર્ષે જોગવાઈ **રૂ. ૪૫ કરોડ.**
- ૩ મહાનગરો સુરત, જામનગર અને જૂનાગઢ ખાતે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્રોના વિકાસ અને ૨૫ જિલ્લાઓમાં જિલ્લા વિજ્ઞાન કેન્દ્રોનાં વિકાસનાં કામો હાથ ધરવામાં આવશે, જે માટે જોગવાઈ **રૂ. ૨૫ કરોડ.**
- સરકારના આઈ.ટી. માળખાને સાઈબર જોખમો સામે રિયલ ટાઈમ સુરક્ષા પૂરી પાડવા સિક્યુરિટી ઓપરેશન સેન્ટર પ્રોજેક્ટ માટે જોગવાઈ **રૂ. ૧૦ કરોડ.**
- ઈલેક્ટ્રોનિક સીસ્ટમ ડિઝાઈન અને ઉત્પાદન ક્ષેત્રમાં ગુજરાતને રોકાણનું હબ બનાવવા અને પ્રોત્સાહનો દ્વારા ઉદ્યોગોને આકર્ષવા રાજ્યમાં ઈલેક્ટ્રોનિકસ મિશનની સ્થાપના કરવાનું આયોજન.

## શ્રમ, કૌશલ્યવિકાસ અને રોજગાર

- આગામી વર્ષમાં ૫ લાખ યુવાનોને કૌશલ્યબદ્ધ કરવાનો નિર્ણય, કૌશલ્યયુક્ત શિક્ષણના વિકાસ માટે કૌશલ્યા-ધી સ્કીલ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવેલ છે.
- કૌશલ્યવિકાસ માટે નવા કમિશન રેટની સ્થાપના કરવાનો પણ નિર્ણય
- યુવાનોનું ઉદ્યોગો તેમજ બીજાં ક્ષેત્રોની જરૂરિયાત મુજબનું કૌશલ્યવર્ધન થાય તે માટે ૫૧ નવા ભવિષ્યલક્ષી કોર્સ દ્વારા ૫૦ હજાર તાલીમાર્થીઓને તાલીમ આપવાનો નિર્ણય કરેલ છે. હાલના ૫૦ અને નવા ૫૧ કોર્સ મળી ૧૦૧ કોર્સ મારફત તાલીમ આપવા માટે જોગવાઈ **રૂ. ૫૨૧ કરોડ.**
- સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખાતે માળખાકીય સુવિધા તેમજ બાંધકામ માટે જોગવાઈ **રૂ. ૧૯૦ કરોડ.**
- ગુજરાત સ્કીલ ડેવલપમેન્ટ મિશન અંતર્ગત ૫૦ હજાર યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપવા માટે જોગવાઈ **રૂ. ૧૫૦ કરોડ.**
- મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત ૧ લાખ જેટલા યુવાનોને તાલીમબદ્ધ કરવા માટે જોગવાઈ **રૂ. ૫૨ કરોડ.**
- કૌશલ્યા-ધી સ્કીલ યુનિવર્સિટીના બાંધકામ તથા આનુષંગિક સવલતો માટે જોગવાઈ **રૂ. ૪૩ કરોડ.**
- ગુજરાત એપેક્ષ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના કરી સુપરવાઈઝર ઈન્સ્ટ્રકટરને ટ્રેનિંગ ઓફ ટ્રેઈનરના માધ્યમથી તાલીમબદ્ધ કરવા જોગવાઈ **રૂ. ૩૬ કરોડ.**
- ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના અપગ્રેડેશન માટે જોગવાઈ **રૂ. ૨૫ કરોડ.**
- ડ્રોન સ્કીલ ઈન્સ્ટિટ્યૂટની સ્થાપના માટે જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- તાલીમાર્થીઓને અનુભવ આધારિત શિક્ષણ માટે ૫૦ આઈ.ટી.આઈ. ખાતે ઓગમેન્ટેડ રિયાલીટી અને વર્ચ્યુઅલ રિયાલિટી લેબોરેટરી માટે જોગવાઈ **રૂ. ૧૫ કરોડ.**
- શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત ભોજનનો દર રૂ. ૧૦થી ઘટાડીને રૂ. ૫ કરવાનો અને ગુજરાતના તમામ જિલ્લાઓનો આ યોજનામાં સમાવેશ કરવાનો નિર્ણય સરકારે કરેલ છે. આ યોજના માટે જોગવાઈ **રૂ. ૩૪ કરોડ.**
- પ્રધાનમંત્રી શ્રમિક માનધન યોજના અંતર્ગત બાંધકામ શ્રમિકોને પેન્શન આપવા જોગવાઈ **રૂ. ૫૦ કરોડ.**
- ધન્વંતરી આરોગ્ય રથ દ્વારા શ્રમિકોની આરોગ્ય સારવાર માટે નવા ૧૦૦ રથ માટે જોગવાઈ **રૂ. ૪૦ કરોડ.**
- પ્રધાનમંત્રી જીવનજ્યોતિ વીમા યોજના હેઠળ બાંધકામ શ્રમિકોને રૂ. ૨ લાખનું વીમા કવચ આપવા માટે જોગવાઈ **રૂ. ૨૩ કરોડ.**
- મહાત્મા ગાંધી શ્રમ સંસ્થાનનું નવીનીકરણ કરવા જોગવાઈ **રૂ. ૧૫ કરોડ.**
- નોંધાયેલાં બાંધકામ શ્રમિકોના ઉચ્ચ શિક્ષણના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માંગતા તેજસ્વી અને



જરૂરિયાતમંદ બાળકોની કારકિર્દીના ઘડતર માટે અંદાજે ૩૦ હજાર બાળકો માટે 'શિક્ષણ સહાય' યોજના અંતર્ગત જોગવાઈ **રૂ. ૧૨ કરોડ.**

- તાલુકાકક્ષાએ કૌશલ્યવર્ધનની તાલીમ માટે સક્ષમ યોજના માટે જોગવાઈ **રૂ. ૧૦ કરોડ.**
- શ્રમનિકેતન યોજના હેઠળ ૫ જગ્યાએ શ્રમયોગી હોસ્ટેલના નિર્માણ માટે જોગવાઈ **રૂ. ૯ કરોડ.**
- નોંધાયેલા મહિલા બાંધકામ શ્રમિકોને પ્રસૂતિ સહાય યોજના માટે જોગવાઈ **રૂ. ૭ કરોડ.**
- નોંધાયેલા બાંધકામ શ્રમયોગીને હેલ્થ-ચેક અપ માટે સહાય આપવા જોગવાઈ **રૂ. ૩ કરોડ.**
- શ્રમયોગી કલ્યાણ બોર્ડ મારફત વધુ આઠ નવી મોબાઈલ મેડિકલ વાન દ્વારા શ્રમયોગીઓને વિનામૂલ્યે તબીબી સારવાર આપવા જોગવાઈ **રૂ. ૩ કરોડ.**
- ઈ-શ્રમ પોર્ટલ પર નોંધાયેલ અસંગઠિત શ્રમિકો માટે **રૂ. ૨ કરોડ**ના સામાજિક સુરક્ષા ફંડની જોગવાઈ.
-

## માર્ગ અને મકાન

- ૨૦૧ કિલોમીટરના અમદાવાદ-બગોદરા-રાજકોટ હાઈવેને રૂ. ૩૩૫૦ કરોડના ખર્ચે છ-માર્ગીય કરવાની કામગીરી.
- મહાનગરો, બંદરો, ઔદ્યોગિક વિસ્તારો, પ્રવાસન તથા યાત્રાધામોને જોડતા ૮૩૦ કિલોમીટરના ૪૯ રસ્તાઓના અનુભાગોને ફોર-લેન બનાવવાની **રૂ. ૨૮૦૧ કરોડની** કામગીરી.
- પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૧૭૫૦ કિલોમીટર અને મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના અંતર્ગત ૪૫૦૦ કિલોમીટર લંબાઈના ગ્રામ્ય રસ્તાઓ અને ૨૦૦ જેટલા પુલો માટે જોગવાઈ **રૂ. ૨૨૦૮ કરોડ.**
- ૭૯ રસ્તાના અનુભાગોની ૧૨૫૩ કિલોમીટર લંબાઈને ૭ કે ૧૦ મીટર પહોળા કરવાની **રૂ. ૧૫૩૭ કરોડની** કામગીરી.
- સરખેજ-ગાંધીનગર હાઈવેને **રૂ. ૯૧૩ કરોડ**ના ખર્ચે છ-માર્ગીય કરવાની કામગીરી પૂર્ણતાના આરે.
- વિશ્વબેન્ક સહાયિત યોજના અંતર્ગત મહેસાણા-પાલનપુર રાજ્ય ધોરીમાર્ગની ફલાયઓવર સહિત છ-માર્ગીયકરણની **રૂ. ૫૭૦ કરોડની** કામગીરી.
- ગાંધીનગર-કોબા-હાંસોલ રોડ (એરપોર્ટ રોડ) પર રાજસ્થાન સર્કલ પર **રૂ. ૧૩૬ કરોડ**ના ખર્ચે એકસ્ટ્રા ડોઝ કેબલ સ્ટેડ બ્રિજ તેમજ રક્ષાશક્તિ સર્કલ પર **રૂ. ૫૦ કરોડ**ના ખર્ચે ફલાય ઓવરબ્રિજનાં કામો.

**રેલ્વે ક્રોસીંગ પર ઓવરબ્રીજ બાંધવા અંગે :**

- ડેડિકેટેડ ફ્રેઈટ કોરીડોર ઉપર આવતા તેમજ અન્ય રેલ્વે ક્રોસિંગો ઉપર **રૂ. ૪૧૦૦ કરોડ**ના ખર્ચે **૭૮ રેલ્વે ઓવરબ્રિજ**ની કામગીરી.
- રાજ્યમાં ૧ લાખ કરતા વધારે ટી.વી.યુ. ધરાવતા રેલ્વે ક્રોસિંગ ઉપર **રૂ. ૫ હજાર કરોડ**ના ખર્ચે **૧૦૦ ઓવરબ્રિજ**ની કામગીરી.
- પી.એમ. ગતિશક્તિ અંતર્ગત મહત્ત્વના પ્રોજેક્ટ અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેનના ઈક્વિટી ફાળા માટે જોગવાઈ **રૂ. ૧૮૭૦ કરોડ.**
- બગોદરા-તારાપુર-વાસદ રસ્તાની ૧૦૧ કિલોમીટરની લંબાઈને **રૂ. ૧૬૫૪ કરોડ**ના ખર્ચે છ-માર્ગીકરણની કામગીરી પૂર્ણતાના આરે.
- દરિયાકાંઠે આવેલ હયાત રસ્તાઓનું અપગ્રેડેશન તેમજ પુલના બાંધકામ સહિત કોસ્ટલ હાઈ-વે વિકસાવવા **રૂ. ૨૪૪૦ કરોડ**નું આયોજન જે પૈકી પ્રથમ તબક્કાની કામગીરી માટે જોગવાઈ **રૂ. ૨૪૪ કરોડ.**
- આદિજાતિ વિસ્તારમાં ગામમાંથી શાળા તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર સુધીના પાકા રસ્તા અને પુલો બનાવવા જોગવાઈ **રૂ. ૧૦૫ કરોડ.**
- સુરત ખાતે બહુમાળી વહીવટી ભવનમાં રાજ્ય સરકારની કચેરીઓને કાર્યાન્વિત કરવા ઓફિસ સ્પેસ પેટે જોગવાઈ **રૂ. ૧૦૦ કરોડ.**
- આદિજાતિ વિસ્તારના ગિરિમથક સાપુતારાથી શબરીધામ, ઝરવાણી ધોધ થઈને સ્ટેચ્યુ ઓફ યુનિટી-એકતાનગરને જોડતા ૧૦ મીટર પહોળા અને ૨૧૮ કિલોમીટર લંબાઈના રસ્તાને વિકસાવવા માટે **રૂ. ૧૬૭૦ કરોડ**નું આયોજન જે પૈકી આ વર્ષે પ્રથમ તબક્કાની કામગીરી માટે જોગવાઈ **રૂ. ૯૦ કરોડ.**
- ભરૂચ બાયપાસ પર શ્રવણ ચોકડી પર **રૂ. ૪૦૦ કરોડ**ના ખર્ચે ૨ કિલોમીટર લંબાઈનો છ-માર્ગીય એલિવેટેડ કોરીડોર.
- વઘઈ-સાપુતારા રસ્તાની ૪૦ કિલોમીટર લંબાઈને



અંદાજિત **રૂ. ૧૨૦૦ કરોડ**ના ખર્ચે ચાર-માર્ગીય કરવાનું આયોજન.

- ઉભરાટ ખાતે સુરત અને નવસારી જિલ્લાને જોડતા **રૂ. ૩૦૦ કરોડની** કિંમતના નવીન પુલની કામગીરીનું આયોજન.

## બંદરો અને વાહન-વ્યવહાર

- ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા પી.પી.પી. ધોરણે હજીરા પોર્ટથી ડેડિકેટેડ ફ્રેઈટ કોરીડોર સુધી રેલ્વે કનેક્ટિવિટીનો પ્રોજેક્ટ આશરે **રૂ. ૧૬૦૦ કરોડ**ના ખર્ચે હાથ ધરવામાં આવેલ છે.
- ભાવનગર જૂના બંદર અને નવા બંદરની કનેક્ટિવિટી માટે ભાવનગર શહેરનો ૨૧.૬૦ કિલોમીટર લાંબો રીંગ રોડ **રૂ. ૨૯૭ કરોડ**ના ખર્ચે વિકસાવવાનું આયોજન છે.
- જામનગર ખાતે પોર્ટના ટ્રાફિકને સહેલાઈથી હાઈવે સુધી પહોંચાડી શકાય તે માટેનો રીંગ રોડ **રૂ. ૭૦ કરોડ**ના ખર્ચે વિકસાવવા માટેની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.
- માનનીય વડાપ્રધાનશ્રીની પી.એમ. ગતિશક્તિ યોજનાને સાકાર કરવા ગુજરાત મેરીટાઈમ બોર્ડ દ્વારા ગુજરાત પોર્ટ એન્ડ લોજીસ્ટિક કંપની લિમિટેડની રચના કરવામાં આવેલ છે.
- અલંગ ખાતે હયાત કેપેસિટીને બમણી કરવાના ભાગરૂપે મથાવડા ખાતે નવા ૪૫ પ્લોટ બનાવવાનું આયોજન છે.
- ભારત સરકારની સાગરમાલા યોજના અંતર્ગત નવલખી બંદર ખાતે જેટી કન્સ્ટ્રકશન અને માળખાકીય સુવિધાઓના વિસ્તૃતીકરણ તેમજ નવલખી બંદરના એપ્રોચ રોડને ચાર-માર્ગીય નેશનલ હાઈવે તરીકે વિકસાવવાનું કામ શરૂ કરવામાં આવેલ છે.
- ભાવનગર ખાતે પી.પી.પી. ધોરણે **રૂ. ૨૦૦૦ કરોડ**ના સી.એન.જી. ટર્મિનલની કામગીરી શરૂ કરવામાં આવશે, જેના થકી મોટા પ્રમાણમાં પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ રોજગારીની તકો ઉપલબ્ધ થશે.
- વાહનોના ફિટનેસ ટેસ્ટીંગ સુનિશ્ચિત કરવા માટે પી. પી.પી. ધોરણે આધુનિક અને ઓટોમેટિક વાહન ફિટનેસ સેન્ટરો સ્થાપવામાં આવશે. સ્ક્રેપ પોલિસી અંતર્ગત જૂનાં વાહનોનો નિકાલ કરવા માટેની સગવડો પણ પી.પી.પી. ધોરણે ઊભી કરવામાં આવશે.
- ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર નિગમ દ્વારા ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા ઝીરો પ્રદૂષણ ધરાવતી ૫૦ ઈલેક્ટ્રિક બસો સાથે બી.એસ.-૬ ધોરણની ૧૨૦૦ નવી બસો પ્રજાની સેવામાં મૂકવા માટે જોગવાઈ **રૂ. ૩૭૯ કરોડ.**
- ગુજરાત ઈલેક્ટ્રિક વ્હીકલ પોલિસી અંતર્ગત આવતાં ચાર વર્ષમાં –

  ૧ લાખ ૧૦ હજાર ટુ વ્હીલર વાહનો માટે વાહન દીઠ મહત્તમ રૂ. ૨૦ હજાર

  ૭૦ હજાર થ્રી વ્હીલર માટે વાહન દીઠ મહત્તમ રૂ. ૫૦ હજાર અને

  ૨૦ હજાર ફોર વ્હીલર માટે વાહન દીઠ મહત્તમ રૂ. ૧ લાખ ૫૦ હજારની સબસીડી આપવાનો સરકારે નિર્ણય કરેલ છે, જેના માટે આ વર્ષે જોગવાઈ **રૂ. ૧૦૬ કરોડ.**
- ડ્રાઈવિંગ લાઈસન્સ માટે સુરત અને વડોદરા ખાતે વધારાના નવા ટેસ્ટ ટ્રેક બનાવવા તેમજ આર.ટી.ઓ. કચેરીઓના આધુનિકીકરણ માટે જોગવાઈ **રૂ. ૪૩ કરોડ.**
- મોબાઈલ એપ્લિકેશન દ્વારા બસનો સમય, વર્તમાન લોકેશન તથા ઉપલબ્ધ સીટોની વિગતો તેમજ તમામ બસસ્ટેશનો પર પબ્લિક ઈન્ફર્મેશન સીસ્ટમ ઉપલબ્ધ કરાવવા જોગવાઈ **રૂ. ૨ કરોડ.**

## ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ

- ખેડૂતોને રાત્રિના બદલે દિવસે ખેતી માટે વીજળી પૂરી પાડવાના ઉદ્દેશથી કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત આંતરમાળખાકીય સગવડોના વિકાસ માટે જોગવાઈ **રૂ. ૧૪૦૦ કરોડ.**
- બાકી રહેતાં તમામ કૃષિવિષયક વીજજોડાણો આપવાની કામગીરી પૂર્ણ કરવા માટે જોગવાઈ **રૂ. ૧૦૪૬ કરોડ.**
- તમામ ગ્રામ પંચાયતોના વોટર વર્ક્સ માટે વિનામૂલ્યે વીજળી પૂરી પાડવા જોગવાઈ **રૂ. ૭૩૪ કરોડ.**
- ગ્રાહકોને સાતત્યપૂર્ણ અને ગુણવત્તાસભર વીજપુરવઠો પૂરો પાડવાના ઉદ્દેશથી રીવેમ્પ્ડ ડિસ્ટ્રિબ્યૂશન સેકટર



સ્કીમ અંતર્ગત વીજ વિતરણ માટે માળખાકીય સુવિધાઓનું અપગ્રેડેશન અને સ્માર્ટ મીટરની યોજના માટે જોગવાઈ **રૂ. ૧૦૦ કરોડ.**

- વધુ ગુણવત્તાયુક્ત વીજપુરવઠો પૂરો પાડવાના આશયથી રાજ્યમાં ૫૬ નવાં સબ-સ્ટેશનો આદિજાતિ વિસ્તારોમાં અને ૩૩ સાગરકાંઠા વિસ્તારોમાં સ્થાપવામાં આવશે.
- ખેતીવાડી ફીડરોની જાળવણી અને વિભાજનની કામગીરી માટે જોગવાઈ **રૂ. ૧૧૦ કરોડ.**
- કિસાન હિત ઊર્જાશક્તિ યોજના હેઠળ ઓછી ક્ષમતાના ૫ હજાર ડિસ્ટ્રિબ્યૂશન ટ્રાન્સફોર્મર લગાડવાની યોજના માટે જોગવાઈ **રૂ. ૬૦ કરોડ.**
- આદિજાતિ વિસ્તારોમાં સારા વોલ્ટેજ સાથે વધુ સાતત્યપૂર્ણ અને ગુણવત્તાયુક્ત વીજળી પૂરી પાડવા માટે જોગવાઈ **રૂ. ૫૦ કરોડ.**
- એગ્રિકલ્ચર પંપના સોલરાઈઝેશન માટેની પી.એમ.-કુસુમ યોજના અંતર્ગત જોગવાઈ **રૂ. ૪૧ કરોડ.**
- અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને ઓછી આવક ધરાવતા પરિવારોને ઘર વપરાશનાં સીંગલ પોઈન્ટ વીજજોડાણ માટે જોગવાઈ **રૂ. ૨૨ કરોડ.**

## ક્લાઇમેટ ચેન્જ

- ૩ લાખ ઉપરાંત ઘરોમાં સોલર રૂફટોપ સ્થાપી ૧૬૮૦ મેગા વોટની ક્ષમતા મેળવી રાજ્યે સમગ્ર દેશમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. વધુ સવા લાખ ઘરોને આ યોજના હેઠળ લાભ આપવા માટે જોગવાઈ **રૂ. ૮૨૫ કરોડ.**
- સરકારી શાળા, કોલેજો, હોસ્પિટલોનાં મકાનો ઉપર સોલર રૂફટોપ સ્થાપિત કરી ૧૦ મેગાવોટની ક્ષમતા ઊભી કરવા માટે જોગવાઈ **રૂ. ૩૭ કરોડ.**
- ૯ હજાર વિદ્યાર્થીઓને બેટરી સંચાલિત ટુ-વ્હીલર વાહનો ખરીદવા સહાય આપવા માટે જોગવાઈ **રૂ. ૧૧ કરોડ.**

## વન અને પર્યાવરણ

- વનો તેમજ ઘાસિયા વિસ્તારોના વિકાસ, સંવર્ધન અને સંરક્ષણની કામગીરી માટે જોગવાઈ **રૂ. ૪૮૦ કરોડ.**
- વનવિસ્તાર સિવાયના વિસ્તારોમાં સામાજિક વનીકરણ માટે જોગવાઈ **રૂ. ૩૨૫ કરોડ.**
- વન્યપ્રાણીઓના નિભાવ અને સંરક્ષણ માટે જોગવાઈ **રૂ. ૩૨૪ કરોડ.**
- વળતર વનીકરણ તથા અન્ય વનવિકાસની કામગીરીઓ માટે જોગવાઈ **રૂ. ૧૫૨ કરોડ.**
- વન ચેતના કેન્દ્ર, નવા ઘાસ ગોડાઉન અને ઔષધીય વનનાં કામો માટે જોગવાઈ **રૂ. ૧૯ કરોડ.**
- આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણીના ભાગરૂપે ભારતના રાષ્ટ્રીય વૃક્ષ અને સેંકડો વર્ષો સુધી જીવંત રહેનાર વડનાં વૃક્ષોનું ૭૫ સ્થળોએ વાવેતર કરી ૭૫ નમો વડ વનનું નિર્માણ કરવામાં આવશે.
- શિવરાજપુર બીચને બ્લ્યુ ફ્લેગ આંતરરાષ્ટ્રીય બીચ તરીકે માન્યતા મળેલ છે તે જ ધોરણે તીથલ-વલસાડ, માંડવી-કચ્છ, માધવપુર-પોરબંદર અને અહેમદપુર માંડવી-ગીરસોમનાથ ખાતે બ્લ્યુ ફ્લેગ બીચના વિકાસ માટે જોગવાઈ **રૂ. ૮ કરોડ.**
- બામ્બુ મિશન યોજના હેઠળ આર્થિક મહત્ત્વ ધરાવતા વાંસનું ૫૮૯૧ હેક્ટરમાં વાવેતર કરવા માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવા જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- લુપ્ત થતાં તેમજ દુર્લભ પ્રાણીઓ જેવાં કે કોરલ રીફ, ડોલ્ફિન, ડુગોંગ તેમજ વરૂના સંરક્ષણ અને સંવર્ધન માટે જોગવાઈ **રૂ. ૧ કરોડ.**

## મહેસૂલ

- ડ્રોન ટેકનોલોજીના ઉપયોગથી ગ્રામ્ય વિસ્તારની મિલકતની માપણી કરી પ્રોપર્ટી કાર્ડ આપવા માટે સ્વામિત્વ યોજના અમલી.
- મહેસૂલ વિભાગની કચેરીઓ તથા સ્ટાફ ક્વાટર્સ માટે જોગવાઈ **રૂ. ૧૮૬ કરોડ.**
- ૪ સબ રજિસ્ટ્રાર કચેરીઓને મોડલરૂપ બનાવવા જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- ગુજરાત મહેસૂલ પંચની કચેરી ખાતે ચુકાદાના હુકમો, પ્રોસિડીંગ વિગેરે ડિજિટલાઇઝ કરવા માટે જોગવાઈ **રૂ. ૧ કરોડ.**

## ગૃહ

- પોલીસ પેટ્રોલિંગ અને સેવાઓની જાળવણી માટે, ૨૨૫૬ વાહનો ખરીદવા જોગવાઈ **રૂ. ૧૮૩ કરોડ.**



- ગૃહવિભાગ હેઠળ વિવિધ સંવર્ગની ૧૦૯૪ નવી જગ્યાઓ ઊભી કરવામાં આવશે, જેના માટે જોગવાઈ **રૂ. ૪૧ કરોડ.**
- પોલીસ ખાતા માટે ૪૮ હજારથી વધુ મકાનોનું નિર્માણ કરેલ છે. રહેણાંક અને બિન રહેણાંક મકાનોના નિર્માણ માટે જોગવાઈ **રૂ. ૮૬૧ કરોડ.**
- જિલ્લા જેલ, સબ જેલ અને સ્ટાફ ક્વાર્ટર્સના નિર્માણ માટે જોગવાઈ **રૂ. ૧૫૮ કરોડ.**
- વિશ્વાસ પ્રોજેક્ટ તથા અન્ય આઈ.ટી. પ્રોજેક્ટ માટે જોગવાઈ **રૂ. ૭૦ કરોડ.**
- ડ્રીમ સિટી સુરત અને ગિફ્ટ સિટી ખાતે નવાં પોલીસ સ્ટેશન સ્થાપવામાં આવશે.
- બોર્ડર એરીયાની સિક્યોરિટી વ્યવસ્થાને સુદૃઢ કરવા માટે કચ્છ જિલ્લામાં ધોરડો, હાજીપીર અને ગાગોદરા આઉટપોસ્ટને પોલીસ સ્ટેશનમાં અપગ્રેડ કરવામાં આવશે.
- ઈ-ગુજકોપ પ્રોજેક્ટ અંતર્ગત હાર્ડવેર અને સોફ્ટવેરની ખરીદી કરવા માટે જોગવાઈ **રૂ. ૨૮ કરોડ.**
- હાલની ટુ ફીંગરના સ્થાને ફાઈવ ફીંગર આધારિત ઓટોમેટેડ ફીંગર આઈડેન્ટિફિકેશન સીસ્ટમ ખરીદ કરવા માટે જોગવાઈ **રૂ. ૩૪ કરોડ.**
- પોલીસ આધુનિકીકરણ યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૧૫ કરોડ.**
- બોમ્બ ડિસ્પોઝલ એન્ડ ડિટેકશન સ્ક્વોડની કામગીરી માટે સાધન-સામગ્રીની ખરીદી કરવા માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- જેલો તેમજ આનુષંગિક કચેરીઓ ખાતે CCTV લગાડવા જોગવાઈ **રૂ. ૩ કરોડ.**
- રેપીડ ડ્રગ ટેસ્ટ માટે મોબાઈલ ડ્રગ ટેસ્ટીંગ એનલાઈઝરની ખરીદી તેમજ સીરોલોજિકલ પદ્ધતિના બદલે લુપ મેડિએટેડ આઈસોથર્મલ એમ્પ્લીફિકેશન સીસ્ટમનાં સાધનોની ખરીદી માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**

## કાયદા

- નવી કોર્ટ બિલ્ડિંગના બાંધકામ માટે જોગવાઈ **રૂ. ૪૫ કરોડ.**
- રહેઠાણનાં મકાનોના બાંધકામ માટે જોગવાઈ **રૂ. ૮૩ કરોડ.**
- હયાત કોર્ટ બિલ્ડિંગ તથા રહેણાંકોના મકાનોની મરામત માટે જોગવાઈ **રૂ. ૧૨ કરોડ.**
- વકીલોના કલ્યાણ માટેના વેલફેર ફંડમાં બાર કાઉન્સીલ ઓફ ગુજરાતને સહાય આપવા માટે જોગવાઈ **રૂ. ૬ કરોડ.**
- પ્રોસિક્યુશનની કામગીરી માટે સરકારી વકીલોને લેપટોપ, પ્રિન્ટર તથા લો સોફ્ટવેર આપવા માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- ન્યાયતંત્ર માટેની માળખાકીય સુવિધાઓ માટે **રૂ. ૨૧૬ કરોડ**નાં કામો હાલ પ્રગતિમાં છે.

## રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ

- વર્ષ-૨૦૧૯માં યોજાયેલ ખેલ મહાકુંભમાં ૪૦ લાખ જેવી વિશાળ સંખ્યામાં બાળકો અને યુવાનોએ ૩૬ જેટલી વિવિધ રમતોમાં ભાગ લીધેલ હતો. ખેલ મહાકુંભ અંતર્ગત આગામી વર્ષ માટે જોગવાઈ **રૂ. ૭૩ કરોડ.**
- વલસાડ, ગીર-સોમનાથ, બોટાદ, દેવભૂમિ દ્વારકા, મોરબી, મહીસાગર, અરવલ્લી, સુરત અને નવસારી ખાતે જિલ્લાકક્ષાના સ્પોર્ટ્સ સંકુલ માટે જોગવાઈ **રૂ. ૪૭ કરોડ.**
- જિલ્લા કક્ષાએ સ્પોર્ટ્સ સ્કૂલ(ડી.એલ.એસ.એસ.)માં ૩૯ શાળાઓના અંદાજે ૪૩૫૦ વિદ્યાર્થીઓને સવલતો પૂરી પાડવા જોગવાઈ **રૂ. ૪૩ કરોડ.**
- વડોદરા જિલ્લાના ડેસર ખાતે સ્થપાયેલ સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી માટે વધુ સુવિધાઓ વિકસાવવા જોગવાઈ **રૂ. ૧૦ કરોડ.**
- કલા, સાહિત્ય અને સંસ્કૃતિ ક્ષેત્રની પ્રતિભાશાળી વ્યક્તિઓને અવસર પૂરો પાડવા કલા મહાકુંભ અંતર્ગત જોગવાઈ **રૂ. ૮ કરોડ.**
- રાજપીપળા અને આહવા ખાતે જિલ્લાકક્ષાની તથા વઘઈ, તરસાડી કોસંબા, ડેડિયાપાડા, ભિલોડા અને ઉમરપાડા ખાતે તાલુકાકક્ષાની અદ્યતન ઈકો ફ્રેન્ડલી સ્માર્ટ ગ્રીન લાયબ્રેરીના નિર્માણ માટે જોગવાઈ **રૂ. ૮ કરોડ.**



- સુરત ખાતે રમતગમતની આંતરરાષ્ટ્રીય કક્ષાની અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ સેન્ટર ઓફ એક્સેલન્સના નિર્માણ માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- વ્યારા ખાતે ૨૦૦ ખેલાડીઓ માટે હોસ્ટેલના બાંધકામ અને ફોર લેન સિન્થેટિક એથ્લેટિક ટ્રેક સાથેના ફૂટબોલ ગ્રાઉન્ડ માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**
- પ્રતિભાશાળી ખેલાડીઓને પ્રોત્સાહન આપવા શક્તિદૂત યોજના હેઠળ જોગવાઈ **રૂ. ૪ કરોડ.**
- છોટાઉદેપુર ખાતે મલ્ટીપર્પઝ ઈન્ડોર હોલ માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**
- આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી અને યોગના પ્રચાર-પ્રસાર માટે જોગવાઈ **રૂ. ૨ કરોડ.**

### માહિતી અને પ્રસારણ

- ગુજરાતી ફિલ્મોના પ્રોત્સાહન માટે જોગવાઈ **રૂ. ૨૦ કરોડ.**
- અમરેલી, વલસાડ અને સુરત ખાતે માહિતી કચેરીના બાંધકામ અને સાધનો માટે જોગવાઈ **રૂ. ૩ કરોડ.**

### સામાન્ય વહીવટ

- છેલ્લાં પાંચ વર્ષમાં ૧ લાખથી વધુ નોકરીઓ આપવામાં આવેલ છે.
- વિકેન્દ્રિત જિલ્લા આયોજન કાર્યક્રમ, એ.ટી.વી.ટી. અને અન્ય યોજનાઓ હેઠળ સ્થાનિક જરૂરિયાતોનાં વિકાસનાં કામો માટે જોગવાઈ **રૂ. ૧૩૦૬ કરોડ.**
- સ્પીપા, અમદાવાદ ખાતે ઓફિસર્સ હોસ્ટેલના બાંધકામ માટે જોગવાઈ **રૂ. ૫ કરોડ.**
- કર્મયોગીઓને તાલીમ આપી તેમની કાર્યદક્ષતા વધારવાના પ્રયત્નોના ભાગરૂપે તાલીમ સંસ્થાઓના આધુનિકીકરણ અને વિસ્તૃતીકરણ માટે જોગવાઈ **રૂ. ૧ કરોડ.**
- બિનનિવાસી ગુજરાતીઓ સાથે સંપર્ક સુદૃઢ બનાવી ગુજરાતના વિકાસમાં તેમને સહભાગી કરવા તેમજ ગુજરાતની અસ્મિતા અને સાંસ્કૃતિક ઓળખને વિદેશોમાં પ્રસારિત કરવા વિવિધ પ્રવૃત્તિઓ માટે જોગવાઈ **રૂ. ૩ કરોડ.**


### માલિકી અને અન્ય વિભાગોનું વિવરણ ફોર્મ-૪ (જુઓ નિયમ-૮) વૃત્તપત્ર કાયદા પ્રમાણે 'મનોગત' પાક્ષિક સંબંધી હકીકત

૧. પ્રકાશક : **ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશ,** જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

૨. પ્રકાશનની મુદત : **પાક્ષિક**

૩. મુદ્રક-પ્રકાશક : **ભારતીય જનતા પાર્ટી–ગુજરાત પ્રદેશ વતી શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ**

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : ભારતીય જનતા પાર્ટી-ગુજરાત પ્રદેશ, જે. પી. ચોક, ખાનપુર, અમદાવાદ-૩૮૦૦૦૧

૪. તંત્રી : **શ્રી સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ**

રાષ્ટ્રીયતા : ભારતીય

સરનામું : શ્રીલેખા ભવન, પાલડી ગામ, અમદાવાદ-૩૮૦ ૦૦૭

હું સુરેન્દ્રભાઈ મોતીભાઈ પટેલ આથી જાહેર કરું છું કે ઉપર દર્શાવેલી વિગતો મારી જાણ અને માન્યતા મુજબ તદ્દન સાચી છે.

(સહી) સુરેન્દ્રભાઈ એમ. પટેલ

(મુદ્રક-પ્રકાશક)

# આઝાદીનાં ૭૫ વર્ષ - 'અમૃત-મહોત્સવ'




## ભગતસિંહ

જન્મ : ૨૮-૯-૧૯૦૭ ● અવસાન : ૨૩-૩-૧૯૩૧

મોરનાં ઈંડાં ચીતરવાં ન પડે. દેશભક્ત પિતાના આ પુત્રને જમીન પર સળીઓ ખોસતો જોઈને કોઈએ પૂછ્યું કે શું કરે છે ? તો જવાબ મળ્યો કે "બંદૂક રોપું છું." હજુ તો બંદૂક બોલતાં પણ આવડતું નહોતું ત્યારે આ બાળકના દિમાગમાં ક્રાંતિકારી વિચારો ઉછાળા મારતા હતા. તેમનો આખો પરિવાર દેશભક્તિના રંગે રંગાયેલો હતો. જો કે પિતા કિશનસિંહ નહોતા ઈચ્છતા કે બાળક ભગતસિંહ કાચી વયે ક્રાંતિના માર્ગે વળે. પરંતુ પિતાનું એમાં કાંઈ ન ચાલ્યું. ભગતસિંહ પોતાના નિર્ણય અંગે મક્કમ હતો. એમાં જલિયાંવાલા બાગના હત્યાકાંડે એને ક્રાંતિના માર્ગે વાળવા બળ પૂરું પાડ્યું. પછીથી લગ્ન માટે દબાણ થતાં એ ઘર છોડીને કાનપુર જઈ ચડ્યા. શચીન્દ્રનાથ સાચાલ દ્વારા સ્થાપિત ક્રાંતિકારી સંસ્થા હિન્દુસ્તાન પ્રજાતંત્ર સંઘમાં જોડાયા. અંગ્રેજ સરકારે તેમને જેલમાં પૂર્યા. સરકારનો ઈરાદો તેમને ડરાવી-ધમકાવીને કાકોરી રેલધાડના ભાગેડુ અંગે તેમની પાસેથી માહિતી મેળવવાનો હતો, પરંતુ તેમાં સરકારને સફળતા ન મળી. ભગતસિંહને નિર્દોષ છોડી દેવા પડ્યા. એવામાં સાઈમન કમિશનનો લાહોરમાં વિરોધ કરવા જતાં પોલીસ અફસર સ્ટોક અને સાંડર્સના લાઠીચાર્જનો ભોગ બની પંજાબ કેસરી લાલા લજપતરાય શહીદ થયા. ક્રાંતિકારીઓએ લાલાના મોતનો બદલો લેવાના શપથ ખાધા. ગણતરીના દિવસોમાં ભગતસિંહ, રાજગુરુ અને ચંદ્રશેખરે મળીને સાંડર્સને ઠાર કર્યો. ધરપકડથી બચવા ભગતસિંહ કોલકાતા નાઠા. પરંતુ ત્યાં તેઓ વધારે સમય ન રહી શક્યા. એમને સમાચાર મળ્યા કે કેન્દ્રીય ધારાસભામાં લોકસુરક્ષા બિલ રજૂ થવાનું છે. આ બિલનો ઉદ્દેશ ભારતમાં ચાલી રહેલા યુવક આંદોલનને કચડી નાખવાનો હતો. ભગતસિંહે એ જ ઘડીએ પ્રતિજ્ઞા લીધી કે આ બિલને ધારાસભામાં પસાર નહિ થવા દેવામાં આવે. ક્રાંતિકારી મિત્ર બટુકેશ્વર દત્તને સાથે લઈ એસેમ્બલીમાં બોમ્બ ધડાકો કર્યો. નાસી ન જતાં સામે ચાલીને ધરપકડ વહોરી. બેઉ સિંહ જેલમાં પુરાયા. કેસ ચાલ્યો. બંનેને આજીવન કારાવાસની સજા કરવામાં આવી. જેલમાં ક્રાંતિકારીઓને રાજકેદીનો દરજ્જો અપાવવા તેઓ ભૂખ હડતાલ પર ઊતર્યા. જેમાં ક્રાંતિકારી યતીન્દ્રનાથ શહીદ થયા અંતે સરકાર મૂકી. અગવડો દૂર કરવામાં આવી. ત્યાં સાંડર્સ હત્યાકાંડમાં ભગતસિંહનું નામ ખૂલતાં સજા આજીવન કારાવાસમાંથી ફાંસીની કરવામાં આવી. માફી માગો તો સજા હળવી કરવામાં આવે એવું વાઈસરોય તરફથી કહેવામાં આવ્યું તો તેમના તરફથી વાઈસરોયને જવાબ મોકલવામાં આવ્યો કે અમને ગોળીઓથી ખતમ કરી નાખવામાં આવે. ૨૩ માર્ચ, ૧૯૩૧ના દિવસે લાહોરની જેલમાં ૨૪ વર્ષના આ યુવાનને ફાંસીના માંચડે લટકાવી દેવામાં આવ્યો.

**REGD. NO. GAMC 563/ 2021-23 VALID UP TO 31-12-2023 RNI NO. 38397/81 MANOGAT LICENCED TO POST WITHOUT PREPAYMENT NO. PMG/NG/077/2021-23 VALID UP TO 31-12-2023 PUBLISHED ON 10th & 25th OF EVERY MONTH AND PERMITTED AT PSO PATRIKA CHANNEL, AHMEDABAD-2 ON EVERY 12/13/14 & 27/28/29 THE Ev**

# પ્રદેશ પ્રમુખ શ્રી સી. આર. પાટીલની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમોની તસવીરો




**Editor : Publishers :**
Surendrabhai Motilal Patel
on Behalf of
Bharatiya Janta Party-Gujarat Pradesh
Published From
Bharatiya Janta Party-Gujarat Pradesh
J. P. Chowk, Khanpur, Ahmedabad-380001.